સુવિચાર

''પરિશ્રમની ધુપસળીથી જ સફળતાની સુવાસ ફેલાવી શકાય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૧૧/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો વદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૨૭૬

સોના–ચાંદીનાં વેપારીઓનાં શો–રૂમમાંથી અંદાજિત ૫ કરોડનાં દાગીનાની ખરીદી

અમરેલીમાં ''ધનતેરસ'' નાં પવિત્ર દિને બજારોમાં ભીડ ઉમટી

જ્વેલર્સ, ફટાકડા, મિઠાઈ અને કરિયાણાની દુકાનોમાં ગ્રાહકોની ભીડ

શહેરનાં હરિરોડ, લાયબ્રેરી રોડ, ભીડભંજન ચોક, શાકમાર્કેટ વિસ્તારમાં ટ્રાફિકજામ

શહેર બહારથી મોટી સંખ્યામાં ગ્રાહકો જુદા–જુદા વાહનો લઈને આવી પહોંચ્યા

આજે કાળી ચૌદશ અને આવતીકાલ દિવાળી હોય ૨ દિવસ ભારે ભીડ જોવા મળશે







અમરેલી, તા. ૮

દિવાળીના પર્વનો પ્રારંભ કરાવતા ધનતેરસના પવિત્ર દિવસે ખરીદી કરવી શુભ માનવામાં આવતી હોવાથી આજે અમરેલી શહેરની બજારોમાં ભારે રોનક જોવા મળી હતી. સોના–ચાંદીના દાગીનાથી લઈને ધાતુની ચીજવસ્તુઓ અને પરંપરાગત સાવરણીની ખરીદી માટે પણ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ધનતેરસનાં પર્વે અમરેલી શહેરમાં આશરે રૂપિયા ૫ કરોડના સોના–ચાંદીના દાગીનાનું વેચાણ થયાનો અંદાજ વ્યકત થઈ રહ્યો છે. જેના પગલે સોની વેપારીઓ અને જવેલર્સના વ્યવસાયમાં જાણે ચાંદી જ થઈ હતી.

ધનતેરસના દિવસે સોનું, ચાંદી, વાસણો સહિતની નવી વસ્તુઓની ખરીદી કરવાનું વિશેષ મહત્વ હોવાથી સવારથી જ બજારોમાં ગ્રાહકોની ચહલ પહલ શરૂ થઈ ગઈ હતી. ખાસ કરીને જવેલર્સની દુકાનોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

સ્થાનિક પોલીસની મોટી કાર્યવાહી

લીલીયા મોટા ખાતેથી 3,૫૦૦ કિલો શંકાસ્પદ ચોખાનાં જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લેવાયા

બોલેરો પીકઅપ વાહન સહિત કુલ રૂા. ૫.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરાઈ

લીલીયા, તા. ૮

અમરેલી જિલ્લાનાં લીલીયા પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે રેશનિંગનાં અનાજ (ચોખા)ની હેરાફેરી કરતા બે શખ્સોને આશરે ૩,૫૦૦ કિલોગ્રામ ચોખાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે બોલેરો પીકઅપ વાહન સહિત કુલ રૂા. ૫.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી તથા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા આવશ્યક ચીજવસ્તુઓની ગેરકાયદેસર હેરાફેરી કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. સાવરકુંડલા વિભાગનાં ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતાનાં માર્ગદર્શન હેઠળ લીલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણીની સૂચના મુજબ પી.એસ. આઈ. વાય.એમ. જાડેજા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન



કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન ખારા ગામે આવતા રોડ ઉપર દામનગર તરફ જતી એક બોલેરો પીકઅપ ગાડી શંકાસ્પદ હાલતમાં જણાતાં પોલીસે તેને રોકી તપાસ કરતાં ગાડીમાંથી અલગ–અલગ આશરે ૬૦ બોરીઓમાં ભરેલા ચોખા મળી આવ્યા હતા. જેનું કુલ વજન આશરે ૩,૫૦૦ કિલોગ્રામ અને કિંમત રૂા. ૭૦,૦૦૦ હોવાનું જાણવા મળ્યું હતું. જયારે બોલેરો પીકઅપ વાહન નંબર જીજે–૦૪– એએશ–૧૯૦૦ની કિંમત રૂા. ૫ લાખ મળી કુલ રૂા. ૫,૭૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ઝડપેલા બે શખ્સોનાં (૧) શાહરૂખભાઈ પોપટીયા, (૨) વિશાલભાઈ ગોહિલને પોલીસે ઝડપી પાડયા છેઆ મામલે બીએનએસએસ કલમ ૩૫(૧)(ઈ) તથા ૧૦૬(૧) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર કામગીરી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના, સાવરકુંડલા વિભાગનાં નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતાનાં સીધા માર્ગદર્શન તથા લીલીયા પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણીની સૂચના મુજબ પી.એસ. આઈ. વાય.એમ. જાડેજા અને સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

પોલીસની કાર્યવાહીનાં આધારે એસ.ડી.એમ.નો હુકમ

વડિયા : ૮ ગુન્હામાં સંડોવાયેલ ઈસમને ૬ મહિના માટે જિલ્લામાંથી હદપાર કરાયો

અમરેલી અને રાજકોટ જિલ્લામાં પ્રવેશવા પર પ્રતિબંધ

વડિયા, તા. ૮

વડિયા પોલીસ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વડિયા ખેતાણી રોડ વિસ્તારમાં રહેતા અરમાન અલ્તાફભાઈ નાઈ સામે હદપારની કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ અરમાન અલ્તાફભાઈ નાઈ વિરૂદ્ધ દારૂના વેચાણ, ગાંજાના વેપાર, મારામારી અને ગુંડાગીરી સહિતના અલગ–અલગ આઠ ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળે છે. રાજકોટ, જેતપુર અને વડિયા સહિતના વિસ્તારોમાં નોંધાયેલા ગુનાઓને ધ્યાનમાં રાખીને બગસરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા હદપારનો હુકમ કરવામાં આવ્યો છે.

આ હુકમ અંતર્ગત અરમાન અલ્તાફભાઈ નાઈને આગામી છ મહિના સુધી અમરેલી જિલ્લો, રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાની હદમાંથી હદપાર કરવામાં આવ્યો છે.



વડિયા પોલીસના એએસઆઈ દાદભાઈ બળસટીયા, એએસઆઈ ભરતભાઈ મોરવાડીયા, ડ્રાઈવર જીતેશગીરી ગોસાઈ, રૂષિભાઈ કાપડીયા સહિતના પોલીસ સ્ટાફ દ્વારા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીથી ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા તત્વોમાં કાયદાનો ભય ઊભો થાય અને વિસ્તારમાં કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

હાથમાં ધુળ આપીને તાંત્રિક વિધિ કરી

અમરેલીનાં મોટા આંકડીયા ગામનાં ખેડૂત સાથે લગ્ન કરાવી દેવાનાં વાયદાનાં નામે છેતરપીંડી

રૂપિયા ૫ હજાર પડાવી લીધાની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા એક ખેડૂતને બે આરોપીએ તારા લગ્ન પોણા બે મહિનામાં થઈ જશે તેમ કહી ખેડૂતને હાથમાં ધુળ આપી આરોપીએ તાંત્રીક વિધી કરી, ખેડૂત સુજબુજ ખોઈ બેસતા આરોપીએ ખેડૂત પાસે રહેલ પૈસા કાઢી આપવાનું કહેતા ખેડૂતે તેના ખીસ્સામાંથી રૂપિયા ૫૦૦૦ કાઢી લઈ આરોપીને ખેડૂતને લગ્ન થઈ જવાના વાયદા આપી ખેડૂત સાથે છેતરપીંડી કરી તથા આરોપી રૂપિયા ૫૦૦૦ લઈ લીધેલ હોય બંને આરોપીઓ

અનુસંધાન પાના ૬ ઉપર

બોલાચાલી, મારામારી અને બાદ લુંટની ઘટના

અમરેલીનાં ગાવડકા ગામે ખેડૂતનાં ઘરમાંથી કારની લુંટની ઘટના

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાનાં ગાવડકા ગામે રહેતા બાલુભાઈ નાનજીભાઈ ટાંક નામના ૫૬ વર્ષિય ખેડૂતનાં ભાગ્યાનાં દીકરા જાફરાબાદ તાલુકાનાં કડીયાળી રહેતા ગામે આરોપી મનસુખ ભીમાભાઈ સોલંકીને વિઠ્ઠલપુર ખંભાળીયા ગામના મજુર સાથે થયેલ બોલાચાલી ઝગડામાં સમાધાન કરવા માટે ખેડૂતને લઈને જતા. તેનુ મનદુઃખ રાખી આરોપીએ ગત તા. પનાં રોજ સવારનાં આશરે ૯:૩૦ વાગ્યાનાં સુમારે ખેડૂતનાં ઘરે ગાવડકા ગામે જઈ ખેડૂતનાં ઘરમાં પ્રવેશ કરી ખેડૂતની પત્નીને પુછયા વગર ઓસરીમાં પડેલ ફોરવ્હિલની ચાવી લઈ અને ખેડૂતની પત્નીને માર મારવાની ધમકી આપી બળજબરી પુર્વક ખેડૂતનાં ઘરનાં ફળીયામાં રાખેલ ફોરવ્હિલ ગાડી નં. જીજે–૦૫–જેપી–૯૨૭૭ જેની આશરે રૂપિયા ૨,૫૦,૦૦૦ જેમા બેસી ખેડૂતનાં ઘરેથી ચલાવી લઈ જઈ ફોરવ્હિલની લુંટ કરી કર્યાની ખેડૂતે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.







અમરેલી–નાના આંકડીયા–ચિતલ માઈનર બ્રિજ (જગુ પુલ)નું રાજ્યમંત્રી કૌશિક વેકરીયાનાં હસ્તે લોકાર્પણ






અમરેલી જિલ્લાનાં વિકાસ પથ પર વધુ એક સિદ્ધિ ઉમેરતા, અમરેલી–નાના આંકડીયા–ચિતલ માઈનર બ્રિજ (જગુ પુલ)નું રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. અંદાજિત રૂા. ૪.૫ કરોડની માતબર રકમનાં ખર્ચે નવનિર્મિત થયેલા આ માઈનર બ્રિજ (જગુ પુલ)નાં કારણે સ્થાનિકો તેમજ આ માર્ગ પરથી પસાર થતા હજારો વાહનચાલકો માટે પરિવહન વધુ સરળ, સલામત અને સુગમ બનશે. આ પુલ કાર્યરત થવાથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોના આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ મળશે. રાજ્ય સરકાર દ્વારા છેવાડાનાં વિસ્તારો સુધી રોડ–રસ્તા અને બ્રિજનું મજબૂત નેટવર્ક ઊભું કરીને આંતર માળખાકીય સુવિધાઓનો વ્યાપ સતત વધારવામાં આવી રહ્યો છે. આ નવનિર્મિત જગુ પુલના માધ્યમથી હવે ચોમાસા દરમિયાન વાહન વ્યવહાર ખોરવાઈ જવાની કે પાણી ભરાઈ જવાની સ્થાનિકોની વર્ષો જૂની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. સુદ્રઢ માર્ગો અને આધુનિક પુલની આ નવીન સુવિધા ગ્રામીણ ક્ષેત્રોમાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની સેવાઓને ઝડપી બનાવશે તથા વાહનચાલકોના સમય અને ઈંધણની પણ મોટી બચત કરશે. આ લોકાર્પણ પ્રસંગે રાજ્યમંત્રીની સાથે જિલ્લા પંચાયતનાં અગ્રણી હોદ્દેદાર ડેનીભાઈ પરમાર, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા તેમજ અમરેલીનાં અગ્રણી મેહુલભાઈ ધોરાજીયા ઉપરાંત કાર્યક્રમમાં જિલ્લાનાં વિવિધ સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ અને માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)નાં વરિષ્ઠ અધિકારી રાઠોડ, દેસાઈ સહિતનાં વહીવટી અધિકારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કપાસના ભૂસાની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

સુત્રાપાડામાં ૩.૪૬.૮૫ લાખનો મુદ્દામાલ ઝડપાયો, ટ્રકચાલકની ધરપકડ

ત્રણ દિવસ પહેલાં તાલાલામાં પણ વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો

ઉના, તા. ૬

ગીર સોમનાથ જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી સામે જૂનાગઢ રેન્જ પોલીસની ટીમ દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સુત્રાપાડા તાલુકાના વિરોદર ગામની હદમાં આવેલી હોટલના પાર્કિંગ માંથી વિદેશી દારૂ અને બીયર ભરેલો ટાટા ટ્રક ઝડપી પાડવામાં આવ્યો હતો. કપાસના ભૂસાના પ્લાસ્ટિકના બાચકાઓની આડમાં દારૂનો જથ્થો છુપાવીને લઈ જવામાં આવી રહ્યો હતો. પોલીસે ટ્રકમાંથી કુલ ૧૦,૩૬૮ દારૂની બોટલો અને બીયરના ટીન મળી ૫,૨૮૧ લીટર જથ્થો કબજે કર્યો છે. સમગ્ર કાર્યવાહીમાં રૂ. ૪૬,૮૫,૭૦૪નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા રેન્જ વિસ્તારમાં દેશી–વિદેશી દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાઓના અનુસંધાને જૂનાગઢ રેન્જના પોલીસ ઈન્સ્પેકટર વાય.બી. રાણાના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. આર.જી. ચુડાસમા, પો.સ.ઈ. બી.ડી. માવદિયા સહિતનો પોલીસ સ્ટાફ સુત્રાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો.

આ દરમિયાન પોલીસને સંયુક્ત ખાનગી બાતમી મળી હતી કે, ભાવનગરથી સોમનાથ તરફ જતા નેશનલ હાઈવે પર સુત્રાપાડા તાલુકાના વિરોદર ગામની હદમાં આવેલી હોટલના પાર્કિંગમાં ટાટા કંપનીનો ટ્રક નંબર જીજે–૨૫– યુ–૭૮૫૧ વિદેશી દારૂના જથ્થા સાથે પાર્ક કરેલો છે. બાતમીના આધારે પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડયો હતો.

ટ્રકની કેબિનમાં એક શખ્સ હાજર મળી આવ્યો હતો. ટ્રકના પાછળ ના ભાગની તપાસ કરતાં કપાસના ભૂસાના પ્લાસ્ટિકના બાચકાઓની આડમાં અલગ–અલગ રંગનાં પૂંઠાનાં બોકસમાં વિદેશી દારૂની બોટલો અને બીયરનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે કુલ ૧૦,૩૬૮ દારૂ બીયરની બોટલો મળી ૫,૨૮૧ લીટર જથ્થો કબજે કર્યો હતો. દારૂ અને બીયરના જથ્થાની કિંમત રૂ.૩૬,૭૬,૪૦૪ આંકવામાં આવી છે. આ ઉપરાંત રૂ.૧૦ લાખની કિંમતનો ટાટા ટ્રક, મોબાઈલ ફોન, રોકડ રકમ અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૪૬,૮૫,૭૦૪નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ઝડપાયેલા ટ્રકચાલક જેઠાભાઈ મેરૂભાઈ કોડીયાતરે આપેલી માહિતી પ્રમાણે ટ્રક દમણ ખાતે લઈ જવામાં આવ્યો હતો, જયાં અજાણ્યા શખ્સે તેમાં દારૂ અને બીયરનો જથ્થો ભર્યો હતો. ત્યારબાદ આ જથ્થો પોરબંદર પહોંચાડવાનો હતો. ટ્રકચાલકને વોટસએપ કોલ મારફતે આગળના માર્ગ અંગે સૂચનાઓ આપવામાં આવતી હોવાની વિગતો પણ સામે આવી છે.

આ હેરાફેરીમાં રમેશભાઈ ઘેલાભાઈ મોરી, રહે. પાસ્તર ગામ, તાલુકો ભાણવડ અને ધાનાભાઈ આલાભાઈ કોડીયાતર, રહે. રાણપર ગામ, તાલુકો ભાણવડનાં નામ પણ પોલીસ ફરિયાદમાં નોંધવામાં આવ્યાં છે. દારૂનો જથ્થો મંગાવનાર, દમણ ખાતે જથ્થો ભરનાર અજાણ્યો શખ્સ તેમજ અન્ય સંડોવાયેલા લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ઝડપાયેલા ટ્રકચાલકની ઓળખ જેઠાભાઈ મેરૂભાઈ કોડીયાતર, રહે. પાસ્તરડી ગામ, રબારી કેડા, તાલુકો ભાણવડ, જિલ્લો દેવભૂમિ દ્વારકા તરીકે થઈ છે. આ મામલે સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ અને ૯૮(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

જૂનાગઢ રેન્જના ડી.આઈ.જી. રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે, જૂનાગઢ રેન્જ વિસ્તારમાં પ્રોહિબિશન સંબંધિત કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે અસામાજિક તત્વોને બક્ષવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ આવી અસામાજિકપ્રવૃત્તિઓ સામે રેન્જ કચેરીના સ્ટાફ દ્વારા કડકમાં કડક કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર વાય.બી. રાણા, પો.સ.ઈ. આર.જી. ચુડાસમા, પો.સ.ઈ. બી.ડી. માવદિયા ઉપરાંત એ.એસ.આઈ. રામદેવસિંહ ઈન્દુભા, પોલીસ હેડ કોન્સ્ટેબલ કનકસિંહ નાનુભાઈ, પ્રવીણસિંહ બાલુભાઈ, જગદીશભાઈ રામસિંગ ભાઈ, હરેન્દ્રસિંહ ભીખુભા, મહેન્દ્રભાઈ દાનાભાઈ તેમજ પોલીસ કોન્સ્ટેબલ ભુપતસિંહ ડોલરસિંહ, ડાયાભાઈ કાનાભાઈ, અમિતભાઈ કરશનભાઈ, અરવિંદભાઈ રસીક ભાઈ સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

નોંધનીય છે કે, માત્ર ત્રણ દિવસ પહેલાં તાલાલા તાલુકા માંથી પણ જૂનાગઢ રેન્જ પોલીસની ટીમે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. હવે સુત્રાપાડામાં પણ જૂનાગઢ રેન્જ પોલીસની ટીમે લાખો રૂપિયાનો દારૂનો જથ્થો ઝડપી પાડતાં ગીર સોમનાથ જિલ્લામાં દારૂની હેરાફેરીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

એક તરફ રેન્જ પોલીસ દ્વારા સતત દરોડા પાડી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવી રહ્યો છે, ત્યારે બીજી તરફ સ્થાનિક પોલીસ સ્ટેશનના વિસ્તારો માંથી વારંવાર આવા મોટા જથ્થા ઝડપાતા સ્થાનિક પોલીસની પેટ્રોલિંગ અને દેખરેખની કામગીરી અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. હાઈવે પરથી પસાર થતા દારૂ ભરેલા ટ્રકો અને ગેરકાયદેસર હેરાફેરી પર સ્થાનિક પોલીસની નજર કેમ ન પડી તેવો પ્રશ્ન પણ ચર્ચાઈ રહ્યો છે.

હાલ સમગ્ર કાર્યવાહી મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. દમણથી દારૂનો જથ્થો કોણે ભરાવ્યો, પોરબંદરમાં કોને પહોંચાડવાનો હતો અને આ નેટવર્કમાં અન્ય કેટલા શખ્સો સંકળાયેલા છે તે તપાસ બાદ બહાર આવશે.

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સંગઠનલક્ષી બેઠક યોજાઈ



અમરેલી, તા. ૬

અમરેલીખાતેજિલ્લાભાજપ પ્રમુખ અતુલ કાનાણીનાં અધ્યક્ષ સ્થાને તેમજ સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણની ઉપસ્થિતિ યોજાયેલ બેઠકમાં પ્રદેશ ભાજપ સહ સંગઠન મહામંત્રી અરૂણ બિત્રાડીએ રાષ્ટ્રીય સમસ્યાઓ, દેશનાંવિવિધ પ્રાંતોની પરિસ્થિતિ, સરહદી સુરક્ષા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની "મન કી બાત" "લોકતંત્ર બચાવો, રાજકતા હટાવો"વિપક્ષધ્વારાફેલાવવામાંઆવતાં જુઠાણા, મીડિયા તથા સોશ્યલ મીડિયા ઉપયોગપ ચૂંટણી તંત્ર, સંગઠન સંરચના, સંગઠનલક્ષી બેઠકો અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. કાનાણીએ સૌ કાર્યકરોને પ્રકાશ પર્વ દિવાળીની શુભકામનાં પાઠવતાં આગામી તારીખ ૨૨ નવેમ્બરનાં રોજ વિધાનસભા વાઈઝ યોજાનાર સ્નેહમિલન વિશે જાણકારી આપી હતી. નિયમિત શિસ્તનાં આગ્રહી પ્રભારી અભયભાઈએ અપેક્ષિત શ્રેણીનાં આગેવાનોની ઉપસ્થિતની નોંધ લઈ પાર્ટીનાં અનુશાસનનું ચૂસ્તપણે પાલન કરવા કડક સુચના આપી હતી.

આ બેઠકમાં ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીનાં ધારાસભ્યજનકતળાવીયા, મહામંત્રીઓ મયુર માંજરિયા, રાજુ ભુતૈયા, ચેતન શિયાળ સહિત જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, મોરચાનાં પ્રમુખ–મહામંત્રીઓ, મંડળીનાં પ્રમુખ–મહામંત્રી–પ્રભારીઓ તેમજ કાર્યકમોનાં ઈન્ચાર્જ ઉપસ્થિત રહ્યા હતા. તેમ મીડિયા કન્વીનર વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

બગસરામાં શિવા ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ બાળાઓને ડ્રેસનું વિતરણ કરાયું



બગસરા, તા. ૬

'ધન તેરસ'નાં પાવન પર્વ નિમિત્તે. ધન તેરસ એટલે લક્ષ્મી પૂજન લક્ષ્મીઓને ડ્રેસ વિતરણ કરી ધનતેરસ ની સાચી ઉજવણી કરવામાં આવી હતી શિવાગ્રુપ દ્વારા આયોજિત ૩ વર્ષથી ૧૦ વર્ષની નાની નાની જરૂરિયાત મંદ બાળાઓને ડ્રેસ વિતરણ કાર્યક્રમ નિતેશ ભાઈ ડોડીઆની આગેવાની હેઠળ તેમના દાતા મિત્ર દ્વારા શિવા ગ્રુપના હસ્તે આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આશરે ૫૦૦ ડ્રેસ વિતરણ કરવામાં આવ્યા હતા આ વિતરણ 'નાગરીક શરાફી સહકારી મંડળી લી બગસરા' ખાતે કરવામાં આવ્યું હતું.

આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ મુકેશભાઈ નારીગરા પ્રજાપતિ, ગીરીબાપુ, સંજયભાઈ પરમાર, જગદીશભાઈ સતાણી નગરપાલીકા સદસ્ય રમેશભાઈ હીરપરા. નિર્મળભાઈ ધાધલ પત્રકાર સમીરભાઈ વિરાણી મિત્રો,બાળકોના વાલીઓ, સ્ટાફ મિત્રો ડ્રેસ વિતરણ કાર્યક્રમ માં ઉપસ્થીત રહ્યા હતા.

એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ

લાઠી પંથકનાં બળાત્કારનાં કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો

એડીશનલ સેશન્સ જજશ્રી પી.એન. દવેનો ચુકાદો

અમરેલી, તા. ૬

લાઠી બળાતકારનાં કેસમાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોનેધ્યાનેલઈ અમરેલીનાં એડી. સેશન્સ જજશ્રી પી.એન. દવે સાહેબે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

આ બનાવની વિગતો જોવામાં આવે તો બનાવતા. ૪/૫/૨૦૨૨ નાં રોજ લાઠી તાલુકાના ભોગ બનનારે આ કામના આરોપી વિશાલભાઈ બધાભાઈ ગોહીલવિરૂધ્ધ એવી ફરિયાદ આપેલી કે તા. ૩૦/૪/૨૦૨૨ નાં રોજ તેઓ જયારે તેમના ઘરે હતા ત્યારે આરોપીએ તેમની ઘરે જઈને તેમની પાસે બિભત્સ માંગણી કરેલ હતી અને ત્યારે ભોગ બનનાર તેમના ઘરે એકલા હતા તે બાબતનો લાભ લઈ અને આરોપી ભોગ બનનારનો હાથ પકડીને ખેંચીને અને ત્યારબાદ ઘસડીને બળજબરીપૂર્વક તેમના રૂમમાં સુવડાવીને તેમના મોઢે સાડીનો ડુચો મારીને તેમની સાથે તેમની ઈચ્છા વિરૂધ્ધ બળજરીપૂર્વક બળાત્કાર કરેલ હતો અને આ બાબતની ભોગ બનનાર કોઈને વાત કરશે તો આરોપી તેમને જાનથી મારી નાખશે. જે ઘટનાથી ભોગ બનનાર ખૂબ ડરી ગયેલ હોય આ ડરના કારણે તેમને પોતાના ઘરનાં સભ્યોને કે કુટુંબના સભ્યોને કોઈ વાત કરેલ નહીં અને આ ઘટનાના કારણે તેઓ ગુમસુમ રહેવા લાગેલ હતા અને ત્યારબાદ તેમણે તેમના બહેનને આ વાત કરતા બહેન તથા બનેવીએ ભોગ બનનારને હિંમત આપેલી અને ત્યારબાદ તેઓએ લાઠી પોલીસ સ્ટેશનમાં આ બનાવ અંગેની ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૭૬, ૩૫૪, ૪૫૦, ૫૦૬(૨) મુજબની ફરિયાદ આપેલ હતી.

આ બાબતની ફરિયાદનાં અનુસંધાને પોલીસે તલસ્પર્શી અને સઘન તપાસ કરીને ઉપરોકત ગુન્હાની વિગતે ચાર્જશીટ કરેલું હતું. આ કેસમાં ખૂબ લાંબી કાનૂની લડાઈ બંને પક્ષો તરફથી મજબુત રીતે લડવામાં આવેલી હતી.

આ કામે કેસ શરૂ થતાં સરકાર પક્ષે ઘણા સાહેદો તથા ભોગ બનનારને સારવાર આપનાર ડોકટર તથા પોલીસ અધિકારી તથા કરનાર અધિકારીને આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.



આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ કામે આરોપી વિશાલભાઈ બધાભાઈ ગોહીલ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલા હતા અને આ કામે આરોપી પક્ષ તરફે કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરિયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીને એડી. સેશન્સ જજશ્રી પી.એન. દવેએ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તરફે અમરેલીના સીનીયર ઉદયન ત્રિવેદી તથા યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા.



૫૦ વર્ષથી ઉપરના ભાઈઓ–બહેનો માટે અમરેલીમાં સીનિયર સિટીઝન સ્પર્ધાનું આયોજન કરાયુ

૧૫ નવેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૬

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૬–૨૭ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના વયોવૃદ્ધ ભાઈઓ અને બહેનો માટે 'સીનિયર સીટીઝન સ્પર્ધા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સીનિયર સીટીઝનોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને તેઓ આ વિભાગની પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે જોડાઈ રહે તેવા ઉમદા હેતુથી અમલમાં મૂકાયેલી આ યોજના અંતર્ગત એથ્લેટીકસ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસાખેંચ અને ટેનિસબોલ ક્રિકેટ જેવી વિવિધ રમતગમતોનું આયોજન કરવામાં આવનાર છે.

અમરેલી જિલ્લામાં ઉપરોકત તમામ ૭ રમતોનું આયોજન જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઈચ્છતા અને લાયકાત ધરાવતા જિલ્લાના સીનિયર સીટીઝન ખેલાડીઓએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ખાતેથી સ્પર્ધાના નિયત ફોર્મ મેળવી લેવાના રહેશે. આ ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરીને તાજેતરમાં ૧૫/૧૧/૨૦૨૬ સુધીમાં જિલ્લા રમત ગમત કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગૌશાળા દવાખાનાની બાજુમાં, ચિતલ રોડ, અમરેલી ખાતે રૂબરૂ આવીને જમા કરાવવાના રહેશે.

આ રમતગમત કાર્યક્રમની ચોક્કસ તારીખ અને સ્થળની જાણ ભાગ લેનાર ખેલાડીઓની એન્ટ્રીના આધારે નક્કી કરીને પછીથી કરવામાં આવશે. આ સ્પર્ધા અંગે ફોર્મ મેળવવા અથવા અન્ય કોઈ વધુ વિગત કે માહિતી મેળવવા માટે કચેરીના ટેલિફોન નંબર ૦૨૭૯૨–૨૯૯૦૬૧ ઉપર સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી, અમરેલી દ્વારા એક જણાવવામાં આવ્યું છે.

અમરેલી : દિવાળીના પર્વે શક્તિ ગ્રુપ સેવાયજ્ઞ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને મિઠાઈ બોક્સનું વિતરણ






અમરેલી, દિવાળીના પવિત્ર પર્વ નિમિત્તે જરૂરિયાતમંદ બાળકોના ચહેરા પર ખુશી લાવવાના ઉમદા હેતુથી શક્તિ ગ્રુપ સેવાયજ્ઞ, અમરેલી દ્વારા દાતાશ્રીઓના સહયોગથી મીઠાઈ બોકસ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ બોકસનું વિતરણ કરવામાં આવ્યું હતું. દિવાળીના તહેવારની ખુશીઓ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તેવા હેતુથી કરવામાં આવેલી આ પહેલને સૌએ આવકારી હતી. આ પ્રસંગે શક્તિ ગ્રુપના પ્રમુખ ગૌતમભાઈ વાળા, જનકભાઈ વિંછીયા, જયદેવભાઈ વાળા, પરેશ પરમાર, નિખિલ આશર, ડો. દવે, વિનુભાઈ ડાબસરા, અલકાબેન ગોંડલીયા, દિનેશ પોપટ, વિશ્વજીત વાળા, મનિષ સંઘાણી અને અશોકભાઈ વાળા સહિતના આગેવાનો અને સેવાભાવી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. શક્તિ ગ્રુપ સેવાયજ્ઞ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી દાતાઓના સહયોગથી જરૂરિયાત મંદ બાળકો માટે ભોજન, નાસ્તા, શૈક્ષણિક કિટ તેમજ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. કોઈપણ જાતિ કે ધર્મના ભેદભાવ વગર જરૂરિયાતમંદ લોકોની સેવા કરવી એ ગ્રુપનો મુખ્ય ઉદ્દેશ છે. કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ દાતાઓ, યુવા મિત્રો, સમાજના અગ્રણીઓ અને સેવાભાવી લોકોનો શક્તિ ગ્રુપ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જિલ્લા સેવા સદન ખાતે રાજ્યમંત્રી કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી જિલ્લાનાં માર્ગો અને રેલ્વે પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરો

જનતાને પડતી મુશ્કેલીઓ દૂર કરવા જરૂરી સુચના અપાઈ

અમરેલીથી શેડુભાર વચ્ચેના અન્ડરપાસ, શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન નજીકની સોસાયટીનો પ્રશ્ન દૂર કરો

ગાવડકાથી રાધેશ્યામ ચોકડી, અમરેલીથી લાઠી સુધીનાં માર્ગની પણ સમીક્ષા કરાઈ

સાંસદ સુતરીયા તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિવિધ વિકાસલક્ષી અને પ્રજાલક્ષી મહત્વપૂર્ણ પ્રોજેકટસ અંગે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરીયા તથા જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લામાં ચાલી રહેલા રોડ–રસ્તા, નેશનલ હાઈવે અને રેલ્વે પ્રોજેકટસ સહિતની વિવિધ કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી અને જનતાને પડતી મુશ્કેલીઓનો સત્વરે નિકાલ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં અમરેલી જિલ્લામાં રેલવે પ્રોજેકટ અને તેને સંલગ્ન વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને અમરેલીથી શેડુભાર વચ્ચેના તમામ અંડરપાસના પ્રશ્નો, અમરેલી શહેરમાં રેલવે લાઈન નજીક આવેલી સોસાયટીઓમાં ચોમાસા દરમિયાન ભરાતા પાણીની સમસ્યા તેમજ લીલીયા રોડ પર થતા દબાણોના પ્રશ્નો અંગે યોગ્ય કાર્યવાહી કરવા ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, અમરેલી રેલવે સ્ટેશન નજીક આવેલા શ્રી પરશુરામ મંદિર પાસે ડ્રેનેજ સિસ્ટમને લગતી સમસ્યાઓ અને તેના કાયમી ઉકેલ માટે સંબંધિત વિભાગની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

રેલવે પ્રોજેકટસની સાથે જિલ્લાના માર્ગ પરિવહનને વધુ સુદ્રઢ બનાવવા માટે નેશનલ હાઈવેને લગતા વિવિધ કામોની પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ગાવડકાથી રાધેશ્યામ ચોકડી સુધીના રોડની વર્તમાન સ્થિતિ અને તેની કામગીરી, અમરેલીથી લાઠી રોડ સુધીના માર્ગની પ્રગતિ તેમજ અમરેલી બાયપાસ રોડ પ્રોજેકટની કામગીરી મુદ્દે અધિકારીઓ સાથે વિસ્તૃત વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ તમામ પ્રોજેકટસની પ્રગતિનો ચિતાર મેળવીને નેશનલ હાઈવે અને રેલવે લગત તમામ કામગીરી સમયમર્યાદામાં અને ઝડપથી પૂર્ણ કરવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી.

આ સમીક્ષા બેઠકમાં અમરેલીના સ્થાનિક પદાધિકારીઓ અને હોદ્દેદારો ઉપરાંત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં નિવાસી અધિક કલેકટર ડોડિયા, પ્રાંત અધિકારી જાડેજા, અમરેલી મામલતદાર દવે, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર ધોલાવાલા, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના અધિકારીઓ, નેશનલ હાઈ–વે ઓથોરિટી રાજકોટ અને ભાવનગરના વિભાગીય અધિકારીઓ તેમજ અમરેલી નગરપાલિકાના ચીફ ઓફીસર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

અમરેલી જિલ્લાનાં કિરીટ દુધાતનો ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં વિજય થયો

પરિષદનાં મતદારોમાં સી.આર. પાટિલ, પરશોત્તમભાઈ રૂપાલાનો સમાવેશ

અમરેલી, તા. ૬

ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં સાહિત્યકાર કિરીટ દુધાતે ભવ્ય વિજય મેળવ્યો છે. તેમની આ જીતથી અમરેલી જિલ્લા સહિત સમગ્ર સાહિત્ય જગતમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે.

ગુજરાતી સાહિત્ય પરિષદએ ગુજરાતની સાહિત્યિક, સાંસ્કૃતિક અને બૌદ્ધિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા છે. આ સંસ્થાનાં પ્રમુખપદે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ રહી ચૂકયા છે, જે સંસ્થાની ઐતિહાસિક મહત્તા અને ગૌરવ દર્શાવે છે.

આ સંસ્થાનાં મતદારોમાં કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ તથા પરશોત્તમ રૂપાલા જેવા પ્રતિષ્ઠિત મહાનુભાવોનો પણ સમાવેશ થાય છે. આવી પ્રતિષ્ઠિત સંસ્થાની ચૂંટણીમાં કિરીટ દુધાતનો વિજય તેમના સાહિત્યિક વ્યક્તિત્વ, કાર્યક્ષમતા અને



લોકપ્રિયતાનું પ્રતિબિંબ છે.

કિરીટ દુધાત તેમણે અમરેલી જિલ્લામાં રાજુલા તાલુકામાં પ્રાંત અધિકારી તરીકે તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નિયામક તરીકે ફરજ બજાવી હતી. વહીવટી ક્ષેત્રે તેમની કામગીરી અને અનુભવ સાથે તેઓ સાહિત્યિક ક્ષેત્રે પણ પોતાની આગવી ઓળખ ધરાવે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં મળેલો આ વિજય અમરેલી જિલ્લા માટે ગૌરવની બાબત છે. તેમની આ સફળતા ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનાં વિકાસ માટે નવા ઉત્સાહ અને પ્રેરણાનું કામ કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવે છે.

કિરીટ દુધાતને આ ભવ્ય વિજય બદલ હાર્દિક અભિનંદન અને ઉજજવળ સાહિત્યિક કારકિર્દી માટે શુભકામનાઓ. કિરીટ દુધાત મો. ૯૪૨૭૩૦૮૫૦૩

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ – નિમંત્રણ
સંકુલનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ–સ્ટુડન્ટ્સ–પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને નુતન વર્ષનાં સ્નેહમિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.
તારીખઃ– ૧૦/૧૧/૨૦૨૫ મંગળવાર સમયઃ– સાંજનાં ૦૪:૩૦ થી ૦૫:૩૦
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થાનઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
Ad 152

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ–જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

આદુ–મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુઃ- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુઃ- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમઃ-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA
The call of the BLUE
My Style My Vibe
NEW Fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીકભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

શાળા-ટ્રેનથી લઈને એફિલ ટાવર સુધી અસર

ફ્રાન્સમાં મોંઘવારી અને ઓછા પગાર સામે જનઆક્રોશ! ૬ લાખથી વધુ લોકો રસ્તા પર ઉતર્યા

વિરોધની શરૂઆત સપ્ટેમ્બર મહિનામાં એક હાઈસ્કૂલમાં સ્ટાફની અછત અને શિક્ષણ માટે પૂરતા બજેટની માંગ સાથે થઈ હતી

પેરીસ, તા.૬

ફ્રાન્સમાં મોંઘવારી અને ઓછા પગાર સામે જનઆક્રોશ! 6 લાખથી વધુ લોકો રસ્તા પર ઉતર્યા, શાળા-ટ્રેનથી લઈને એફિલ ટાવર સુધી અસર. ફ્રાન્સમાં વધતી મોંઘવારી, સ્થિર પગાર અને શિક્ષણ ક્ષેત્રે બજેટની અછતને લઈને લોકોનો ગુસ્સો હવે રસ્તા પર જોવા મળી રહ્યો છે. દેશમાં 6 લાખથી વધુ લોકોએ સરકારની નીતિઓ સામે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હોવાના અહેવાલ છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવેલું આંદોલન હવે કર્મચારીઓ, શિક્ષકો અને પેન્શનરો સુધી પહોંચી ગયું છે.ફ્રાન્સમાં વધતી મોંઘવારી, સ્થિર પગાર અને શિક્ષણ ક્ષેત્રે બજેટની અછતને લઈને લોકોનો ગુસ્સો હવે રસ્તા પર જોવા મળી રહ્યો છે. દેશમાં 6 લાખથી વધુ લોકોએ સરકારની નીતિઓ સામે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હોવાના અહેવાલ છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવેલું આંદોલન હવે કર્મચારીઓ, શિક્ષકો અને પેન્શનરો સુધી પહોંચી ગયું છે. પેરિસ સહિત લ્યોન, માર્સેલી અને અન્ય શહેરોમાં હજારો લોકો રેલીમાં જોડાયા હતા. લોકોની મુખ્ય માંગણી છે કે વધતી જતી જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતોને ધ્યાનમાં રાખીને પગાર અને પેન્શનમાં વધારો કરવામાં આવે તથા શિક્ષણ માટે વધુ નાણાં ફાળવવામાં આવે.આ વિરોધની શરૂઆત સપ્ટેમ્બર મહિનામાં એક હાઈસ્કૂલમાં સ્ટાફની અછત અને શિક્ષણ માટે પૂરતા બજેટની માંગ સાથે થઈ હતી. ધીમે ધીમે આ લડતમાં વિવિધ ક્ષેત્રોના કર્મચારીઓ પણ જોડાતા ગયા. ટ્રેડ યુનિયનોના જણાવ્યા અનુસાર, ખાદ્યપદાર્થો, ઈંધણ, ગેસ, વીજળી અને મકાનના ભાડામાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ લોકોની આવકમાં તે પ્રમાણે વૃદ્ધિ થતી નથી. પરિણામે સામાન્ય પરિવારોનું આર્થિક બજેટ ખોરવાઈ રહ્યું છે. કર્મચારીઓ વધુ પગાર અને નિવૃત્ત નાગરિકો પેન્શનમાં વધારો કરવાની માંગ કરી રહ્યા છે.વિરોધ પ્રદર્શનોની અસર ફ્રાન્સના સામાન્ય જનજીવન પર પણ પડી હતી. અહેવાલો અનુસાર, દેશની લગભગ એક તૃતીયાંશ હાઈસ્કૂલોની કામગીરી ખોરવાઈ હતી. કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓએ પ્રવેશદ્વારો બંધ કર્યા હતા, જ્યારે અનેક જગ્યાએ શિક્ષકોએ હડતાળમાં ભાગ લીધો હતો. જાહેર પરિવહન સેવાઓ પણ પ્રભાવિત થઈ હતી. વિરોધને ધ્યાનમાં રાખીને પેરિસનું વિશ્વવિખ્યાત એફિલ ટાવર પણ ગુરુવારે બંધ રાખવામાં આવ્યું હતું. આર્થિક અસમાનતા અને ભવિષ્યની ચિંતાઓ દર્શાવતા બેનરો સાથે વિદ્યાર્થીઓએ સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી.વિરોધ પ્રદર્શનો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર દેશમાં લગભગ 70,000 પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. સુરક્ષા માટે બખ્તરબંધ વાહનો, ડ્રોન અને હેલિકોપ્ટરની મદદ પણ લેવામાં આવી હતી. મોટા ભાગના દેખાવો શાંતિપૂર્ણ રહ્યા હોવા છતાં રેનેસ, લ્યોન, નાન્તેસ અને ટૂલૂઝ સહિતના શહેરોમાં તણાવ અને ઘર્ષણના અહેવાલો સામે આવ્યા હતા. કેટલાક સ્થળોએ પ્રદર્શનકારીઓએ રસ્તાઓ રોકવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ પર વસ્તુઓ ફેંકવામાં આવી હોવાની માહિતી પણ સામે આવી હતી.ફ્રાન્સના ટ્રેડ યુનિયનોનું કહેવું છે કે આર્થિક મંદીની આશંકા વચ્ચે કંપનીઓ કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી રહી છે. આવી સ્થિતિમાં સરકાર પાસે પગાર, પેન્શન અને રોજગાર સંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે દબાણ વધી રહ્યું છે. આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીના રાજકીય માહોલ વચ્ચે આ વિરોધ પ્રદર્શનો ફ્રાન્સની સરકાર માટે મહત્વનો પડકાર બની રહ્યા છે.

મનપાના લેબ રિપોર્ટમાં ચારેય નમૂના ફેઈલ

રાજકોટમાં પનીરના નામે ભેળસેળનો પર્દાફાશ થયો

પનીર જેવા રોજિંદા ઉપયોગના ખાદ્ય પદાર્થમાં ભેળસેળ સામે આવતાં નાગરિકોમાં ચિંતા ફેલાઈ છે

રાજકોટ,તા.૬

રાજકોટ શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને લોકોના આરોગ્ય સાથે ચેડાં થતું હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા લેવામાં આવેલા પનીરના ચાર નમૂના લેબોરેટરી પરીક્ષણમાં ફેઈલ જાહેર થયા છે. શહેરની અલગ-અલગ ડેરીઓ અને વેપારી પેઢીઓમાંથી લેવામાં આવેલા આ નમૂનાઓ ગુણવત્તાના નિયત ધોરણો પર ખરા ઉતર્યા નથી. પનીર જેવા રોજિંદા ઉપયોગના ખાદ્ય પદાર્થમાં ભેળસેળ સામે આવતાં નાગરિકોમાં ચિંતા ફેલાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજ્યમાં એનાલોગ પનીર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો તે સમયગાળા દરમિયાન રાજકોટ મનપાની ફૂડ શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન અલગ-અલગ સ્થળોએથી પનીરના નમૂના લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આ નમૂનાઓને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. પરીક્ષણના અહેવાલમાં ચારેય નમૂના નિર્ધારિત ગુણવત્તાના ધોરણો મુજબ ફેઈલ જાહેર થયા છે.

મનપા દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, નીચેની ચાર પેઢીઓ અને સ્થળોએથી લેવામાં આવેલા પનીરના નમૂના પરીક્ષણમાં નિષ્ફળ રહ્યા છે.

ફોર્ચ્યુન ફૂડ પ્રોડક્ટઃ લાતી પ્લોટ વિસ્તારમાંથી લેવાયેલો પનીરનો નમૂનો ફેઈલ.

શ્રી ગાયત્રી ડેરી ફાર્મઃ પુનિતનગર મેઈન રોડ પરથી લેવાયેલો નમૂનો ફેઈલ.

પ્રકાશભાઈ પ્રવીણભાઈ વરસોડાઃ સામાકાંઠા વિસ્તારમાં સેટેલાઈટ ચોક ખાતેથી લેવાયેલો નમૂનો ફેઈલ.

ભગવતી ટ્રેડિંગઃ પ્લોટ નંબર ૧૧ના ખૂણેથી લેવામાં આવેલો છૂટક પનીરનો નમૂનો ફેઈલ.

આ ચારેય નમૂનાઓના લેબોરેટરી રિપોર્ટ સામે આવ્યા બાદ ખાદ્ય સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા થયા છે.

બીજી તરફ, દિવાળીના તહેવારો દરમિયાન પણ રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરની અંદાજે ૬૨ વેપારી પેઢીઓમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આશરે ૨૬૯ કિલો અખાદ્ય ખાદ્યસામગ્રીનો જથ્થો મળી આવ્યો હતો.મનપાની તપાસમાં એક તરફ તહેવારો દરમિયાન ૨૬૯ કિલો અખાદ્ય જથ્થો ઝડપાયો છે, તો બીજી તરફ પનીરના ચાર નમૂના પણ ફેઈલ થયા છે. આ ઘટનાઓને પગલે શહેરમાં વેચાતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા અંગે ચિંતા વધી છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે મનપા દ્વારા નિયમિત તપાસ અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જરૂરી બની છે.

ઈઝરાયલમાં સત્તા પરિવર્તનનાં નવાં સમીકરણો

અરબ પક્ષો ગાદી આઈસેનકોટના સમર્થનમાં, નેતન્યાહુની મુશ્કેલી વધી

જોઇન્ટ લિસ્ટ અને રાઆમના સમર્થનથી આઈસેનકોટનો દાવો મજબૂત, ૬૭ બેઠકોનું સમીકરણ ચર્ચામાં આવ્યું

નવી દિલ્હી, તા.૬

ઈઝરાયલના રાજકારણમાં મોટો ઉલટફેર! ગાદી આઈસેનકોટના સમર્થનમાં અરબ પક્ષો એકજૂથ, નેતન્યાહુની સત્તા જોખમમાં. ઈઝરાયલના રાજકારણમાં સત્તા પરિવર્તનને લઈને હલચલ તેજ બની છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ માટે રાજકીય મુશ્કેલીઓ વધી રહી હોવાના અહેવાલો સામે આવ્યા છે. બીજી તરફ, તેમના મુખ્ય હરીફ અને યાશાર પાર્ટીના નેતા ગાદી આઈસેનકોટને સરકાર રચવા માટે વિવિધ રાજકીય પક્ષોનો ટેકો મળી રહ્યો છે.ઈઝરાયલના રાજકારણમાં સત્તા પરિવર્તનને લઈને હલચલ તેજ બની છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ માટે રાજકીય મુશ્કેલીઓ વધી રહી હોવાના અહેવાલો સામે આવ્યા છે. બીજી તરફ, તેમના મુખ્ય હરીફ અને યાશાર પાર્ટીના નેતા ગાદી આઈસેનકોટને સરકાર રચવા માટે વિવિધ રાજકીય પક્ષોનો ટેકો મળી રહ્યો છે. ખાસ કરીને અરબ પક્ષોના સમર્થનથી નવી સરકાર રચવાની રાજકીય ગણતરીઓમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.ઈઝરાયલની ૧૧ બેઠકો ધરાવતી અરબ રાજકીય પાર્ટી જોઈન્ટ લિસ્ટે ગાદી આઈસેનકોટને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીએ જાહેરાત કરી છે કે તે રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગ સમક્ષ આગામી વડાપ્રધાન તરીકે આઈસેનકોટના નામની ભલામણ કરશે. આ ઉપરાંત ૮ બેઠકો ધરાવતી રાઆમ પાર્ટીએ પણ અગાઉ આઈસેનકોટના સમર્થનમાં પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. રાઆમના વડા મન્સૂર અબ્બાસે નવી સરકારની રચના માટે આઈસેનકોટને ટેકો આપવાની તૈયારી દર્શાવી છે. આ ઘટનાક્રમથી નેતન્યાહુ વિરોધી જૂથમાં નવી આશા જાગી છે.જોઈન્ટ લિસ્ટના ત્રણેય ઘટક પક્ષોએ બેઠક કરીને નેતન્યાહુની સરકારને ફરી સત્તામાં આવતી અટકાવવાનો નિર્ણય લીધો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. પક્ષોના મતે, નેતૃત્વમાં પરિવર્તન લાવવા માટે વિપક્ષી દળો વચ્ચે એકતા જરૂરી છે. આ માટે જોઈન્ટ લિસ્ટનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળીને આઈસેનકોટના સમર્થનમાં સત્તાવાર ભલામણ રજૂ કરે તેવી શક્યતા છે.ઈઝરાયલની સંસદમાં કુલ ૧૨૦ બેઠકો છે અને સરકાર રચવા માટે ૬૧ બેઠકોનો આંકડો જરૂરી છે. અહેવાલ મુજબ, આઈસેનકોટના મુખ્ય ગઠબંધન પાસે ૪૮ બેઠકો છે. તેમાં જોઈન્ટ લિસ્ટની ૧૧ અને રાઆમની ૮ બેઠકો ઉમેરવામાં આવે તો કુલ સંખ્યા ૬૭ થાય છે. આ સંખ્યાબળના આધારે આઈસેનકોટ સરકાર રચવાની સ્થિતિમાં મજબૂત દાવેદાર બની શકે છે. જોકે, અંતિમ નિર્ણય રાષ્ટ્રપતિની પ્રક્રિયા અને ત્યારબાદની રાજકીય ગતિવિધિઓ પર નિર્ભર રહેશે.નવી સરકારની સંભવિત રચનામાં હમાસના નિઃશસ્ત્રીકરણનો મુદ્દો પણ મહત્વનો બની રહ્યો છે. રાઆમના નેતા મન્સૂર અબ્બાસે હમાસને સંપૂર્ણપણે નિઃશસ્ત્ર કરવાના વિચારને સમર્થન આપ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. તેમણે અરબ સમાજને શાંતિ સ્થાપવામાં સહયોગી ગણાવીને નાગરિકોને આતંકવાદના સમર્થક તરીકે જોવાનો વિરોધ કર્યો છે. હવે આ રાજકીય સમીકરણો ઈઝરાયલમાં ખરેખર સત્તા પરિવર્તન લાવે છે કે નહીં તેના પર સમગ્ર વિશ્વની નજર રહેશે.

માનવશરીરના સામાન્ય તાપમાનમાં મોટો ફેરફાર

૧૫૦ વર્ષમાં ઘટ્યું માનવશરીરનું સરેરાશ તાપમાન, વૈજ્ઞાનિકો પણ ચોંક્યા

વૈજ્ઞાનિકોના સર્વેમાં થયેલા ખુલાસા મુજબ, માનવ શરીરનું સરેરાશ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યું છે

લંડન, તા.૬

લગભગ ૧૫૦ વર્ષ પહેલાં માનવ શરીરનું સરેરાશ તાપમાન આજની સરખામણીએ વધારે હતું. તે સમયે ૩૭ ડિગ્રી સેલ્સિયસને શરીરના સામાન્ય તાપમાનનો માપદંડ માનવામાં આવતો હતો. જોકે, તાજેતરના અનેક સંશોધનોમાં તંદુરસ્ત વ્યક્તિના શરીરનું સરેરાશ તાપમાન ઘટીને આશરે ૩૬.૪ ડિગ્રી સેલ્સિયસ થયું હોવાનું સામે આવ્યું છે.અહેવાલો અનુસાર, વૈજ્ઞાનિકો આ ફેરફાર પાછળનાં કારણો સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે. શું અગાઉ તાપમાન માપવામાં કોઈ ભૂલ થતી હતી કે પછી બહેતર આરોગ્ય અને બદલાતી જીવનશૈલીને કારણે શરીરનું તાપમાન ઘટ્યું છે? સંશોધન અનુસાર, હાલમાં અમેરિકાના પુખ્ત વયના લોકોના શરીરનું સરેરાશ તાપમાન આશરે ૩૬.૩૯ ડિગ્રી સેલ્સિયસ છે. ૧૯મી સદીની શરૂઆતની સરખામણીએ અમેરિકન પુરુષોના શરીરનું તાપમાન આશરે ૦.૫૯ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું છે. આ ફેરફાર માત્ર વિકસિત દેશો પૂરતો મર્યાદિત નથી.એમેઝોનનાં જંગલોમાં રહેતા ત્સિમાને સમુદાયના લોકોના શરીરનું સરેરાશ તાપમાન ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ હતું, જે ૨૦૧૮ સુધીમાં ઘટીને ૩૬.૫ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. આ સમયગાળા દરમિયાન તેમના રહેઠાણ અને જીવનશૈલીમાં પણ ફેરફાર થયો હતો. અગાઉના સમયમાં ક્ષયરોગ (ટીબી), મરડો તથા દાંત અને હાડકાંના ગંભીર ચેપ જેવી બીમારીઓ સામાન્ય હતી. આવી બીમારીઓ સામે લડવા માટે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધુ સક્રિય રહેતી હતી. આ પ્રક્રિયામાં શરીર વધુ ઊર્જા ખર્ચતું હતું, જેના પરિણામે શરીરમાં ગરમી પણ ઉત્પન્ન થતી હતી.૧૮૬૦ના દાયકામાં જર્મનીના ડૉક્ટર કાર્લ વન્ડરલિચે તાવ અને શરીરના તાપમાન અંગે અભ્યાસ કર્યો હતો. તેમણે લગભગ ૧૫ વર્ષ સુધી ૨૫ હજાર દર્દીઓના શરીરનું તાપમાન માપ્યું હતું. આ દરમિયાન તેમણે ૧૦ લાખથી વધુ તાપમાન રીડિંગ એકત્રિત કરી હતી. આ આંકડાઓના આધારે તેમણે તંદુરસ્ત પુખ્ત વયના લોકોના શરીરનું સરેરાશ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ એટલે કે ૯૮.૬ ડિગ્રી ફેરનહાઈટ નક્કી કર્યું હતું. જ્યારે ૩૮ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાનને તાવનું સૂચક માનવામાં આવ્યું હતું. તેમની પાસે દર્દીઓના વિશાળ પ્રમાણમાં આંકડા ઉપલબ્ધ હોવાથી ૩૭ ડિગ્રી સેલ્સિયસનો આંકડો શરીરના સામાન્ય તાપમાનનો માનક બની ગયો હતો. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ચેપી રોગોના નિષ્ણાત જ્યુલી પાર્સોનેટની ટીમે અમેરિકાના આશરે ૧.૯૦ લાખ લોકોના શરીરના તાપમાન સંબંધિત આંકડાઓનો અભ્યાસ કર્યો હતો. આ આંકડા ૧૮૬૨થી ૨૦૧૭ દરમિયાન એકત્રિત કરવામાં આવ્યા હતા.

ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો તોતિંગ વધારો

અમદાવાદમાં ડ્રાયફ્રૂટ બજાર મોંઘું થતા દિવાળીનો ઉત્સાહ ફિક્કો પડ્યો

મોંઘવારીના આ ભારે વધારાને કારણે સામાન્ય નાગરિકોના ખિસ્સા પર સીધી અસર પડી છે

અમદાવાદ,તા.૬

અમદાવાદ શહેરમાં દિવાળી અને નવા વર્ષના તહેવારોની મોસમમાં પરંપરાગત રીતે ગિફ્ટ આપવા માટે અને ખાવા-પીવામાં મીઠાઈઓ બાદ સૌથી વધુ ખરીદી ડ્રાયફ્રૂટની થતી હોય છે.

પરંતુ આ વર્ષે ડ્રાયફ્રૂટ બજારમાંથી એક ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે, જ્યાં વિવિધ પ્રકારના ડ્રાયફ્રૂટના ભાવમાં સીધો ૩૦ થી ૪૦ ટકા સુધીનો જંગી વધારો નોંધાયો છે. મોંઘવારીના આ ભારે વધારાને કારણે સામાન્ય નાગરિકોના ખિસ્સા પર સીધી અસર પડી છે અને તહેવારોની ઉજવણીનું બજેટ ગરબડાયું છે.

એક તરફ ભાવ વધ્યા છે તો બીજી તરફ બજારમાં ગ્રાહકોની ખરીદશક્તિ ઘટી હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત આંકડાઓ મુજબ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ડ્રાયફ્રૂટની કુલ ખરીદીમાં સીધો ૫૦ ટકા જેટલો મોટો ઘટાડો જોવા મળ્યો છે.

સામાન્ય દિવસોની સરખામણીએ અત્યારે બજારમાં થોડીઘણી ઘરાકી સારી જોવા મળી રહી છે, પરંતુ વેપારીઓના જણાવ્યા મુજબ અગાઉના વર્ષો જેવો રોનક અને 'દિવાળી જેવો માહોલ' આ વર્ષે બજારમાં જોવા મળી રહ્યો નથી, જેના કારણે વેપારી વર્ગમાં પણ ચિંતા પ્રસરતી જોવા મળે છે.

બજારમાં ડ્રાયફ્રૂટના વર્તમાન ભાવ પર નજર કરીએ તો મોટો તફાવત જોવા મળે છે. અગાઉ જે બદામ રૂપિયા ૮૦૦ પ્રતિ કિલો મળતી હતી તે વધીને હવે રૂપિયા ૧૨૦૦ થઈ ગઈ છે. આ જ રીતે અંજીરના ભાવ રૂપિયા ૧૨૦૦ થી વધીને સીધા રૂપિયા ૨૦૦૦ પર પહોંચી ગયા છે. પિસ્તાના ભાવ રૂપિયા ૧૪૦૦ થી વધીને રૂપિયા ૨૦૦૦, અખરોટ રૂપિયા ૬૦૦ થી વધીને રૂપિયા ૮૦૦, જરદાલું રૂપિયા ૮૦૦ ના સ્તરે સ્થિર છે, જ્યારે કિસમિસ કે દ્રાક્ષના ભાવ રૂપિયા ૬૦૦ થી વધીને રૂપિયા ૮૦૦ થયા છે. આ ભાવ વધારાને કારણે ગ્રાહકો હવે ઓછી માત્રામાં ડ્રાયફ્રૂટ ખરીદવા મજબૂર બન્યા છે.

આધાર વેરિફિકેશનની પ્રક્રિયામાં મોટો બદલાવ

હવે હોટલ અને હોસ્પિટલમાં ફોટોકોપી આપવાની જરૂર નહીં પડે

UIDAIની પેપરલેસ સુવિધાથી આધાર નંબર શેર કર્યા વગર ડિજિટલ ઓળખ ચકાસણી થશે

નવી દિલ્હી, તા.૬

આધાર કાર્ડના નિયમોમાં મોટો ફેરફાર! હવે હોટલ અને હોસ્પિટલમાં ફોટોકોપી આપવાની જરૂર નહીં પડે, UIDAI લાવ્યું પેપરલેસ વેરિફિકેશન. આધાર કાર્ડનો ઉપયોગ કરતા કરોડો નાગરિકો માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. હવે હોટલમાં ચેક-ઈન કરતી વખતે, હોસ્પિટલમાં દાખલ થતી વખતે કે અન્ય સંસ્થાઓમાં ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડની ફોટોકોપી આપવાની મુશ્કેલીમાંથી રાહત મળી શકે છે. ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ (UIDAI) દ્વારા ડિજિટલ ઓળખ ચકાસણીને પ્રોત્સાહન આપવા માટે નવી વ્યવસ્થા અમલમાં લાવવામાં આવી રહી છે.આધાર કાર્ડનો ઉપયોગ કરતા કરોડો નાગરિકો માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. હવે હોટલમાં ચેક-ઈન કરતી વખતે, હોસ્પિટલમાં દાખલ થતી વખતે કે અન્ય સંસ્થાઓમાં ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડની ફોટોકોપી આપવાની મુશ્કેલીમાંથી રાહત મળી શકે છે. ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ (UIDAI) દ્વારા ડિજિટલ ઓળખ ચકાસણીને પ્રોત્સાહન આપવા માટે નવી વ્યવસ્થા અમલમાં લાવવામાં આવી રહી છે. આ પહેલ હેઠળ 300થી વધુ સંસ્થાઓને ઓફલાઈન વેરિફિકેશન સિસ્ટમ સાથે જોડવામાં આવી છે. નવી વ્યવસ્થાનો મુખ્ય હેતુ કાગળની પ્રક્રિયા ઘટાડવાની સાથે નાગરિકોની અંગત માહિતીની સુરક્ષા મજબૂત કરવાનો છે.UIDAIએ હોટલ, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ગિગ ઈકોનોમી સાથે સંકળાયેલી 300થી વધુ સંસ્થાઓને ઓફલાઈન વેરિફિકેશન સીકિંગ એન્ટિટી (OVSE) તરીકે નોંધણીબદ્ધ કરી છે. આ વ્યવસ્થાથી ઓળખ સાબિત કરવા માટે આધાર કાર્ડની ઝેરોક્સ જમા કરાવવાને બદલે ડિજિટલ માધ્યમથી ચકાસણી કરી શકાશે. ખાસ કરીને હોટલમાં રોકાણ કરનારા પ્રવાસીઓ અને હોસ્પિટલમાં સારવાર માટે જતા દર્દીઓ માટે આ સુવિધા ઉપયોગી બની શકે છે. સાથે જ આધારની ફોટોકોપી ખોટા હાથમાં જવાથી થતી સંભવિત સમસ્યાઓ પણ ઘટાડી શકાશે.નવી વ્યવસ્થામાં આધાર એપ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જ્યારે કોઈ વ્યક્તિ હોટલ કે અન્ય સંસ્થામાં પોતાની ઓળખ આપશે ત્યારે એપ દ્વારા ડિજિટલ વેરિફિકેશન કરી શકાશે. આ પ્રક્રિયામાં નાગરિક પોતાની સંમતિથી જરૂરી માહિતી જ શેર કરી શકશે. ઉદાહરણ તરીકે, સંસ્થાને માત્ર નામ અને ફોટાની જરૂર હોય તો સંપૂર્ણ વિગતો આપવાની ફરજ રહેશે નહીં. સૌથી મહત્વની બાબત એ છે કે આ પ્રક્રિયામાં 12 અંકનો આધાર નંબર સંબંધિત સંસ્થા સાથે શેર કરવાની જરૂર નહીં રહે. આ ઉપરાંત વેરિફિકેશન કરતી સંસ્થાઓને UIDAIના કેન્દ્રીય ડેટાબેઝ સાથે સીધું જોડાવાની પણ જરૂર નહીં પડે.UIDAIની માહિતી અનુસાર, આધાર એપના અત્યાર સુધીમાં 7.5 કરોડથી વધુ ડાઉનલોડ થયા છે. 86 લાખથી વધુ લોકોએ એપ દ્વારા પોતાના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અપડેટ કર્યા છે. જ્યારે 4.6 કરોડથી વધુ વખત બાયોમેટ્રિક લોક અને અનલોક સુવિધાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સુવિધાથી આધાર સાથે જોડાયેલા ફિંગરપ્રિન્ટ અને આઈરિસ ડેટાને સુરક્ષિત રાખવામાં મદદ મળે છે.UIDAIની આ પહેલ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) એક્ટના સિદ્ધાંતોને અનુરૂપ હોવાનું જણાવાયું છે. આ વ્યવસ્થામાં નાગરિકની સંમતિ અને જરૂરી હોય તેટલી જ માહિતી શેર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જોકે, તમામ હોટલ, હોસ્પિટલ કે સંસ્થાઓમાં આ સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ થઈ ગઈ છે એવું માનવું નહીં. સંબંધિત સંસ્થામાં ડિજિટલ વેરિફિકેશનની સુવિધા ઉપલબ્ધ છે કે નહીં તેની અગાઉથી ખાતરી કરવી જરૂરી છે.

દિવાળી પહેલાં મોંઘવારીનો વધુ એક ડામ

ખાંડના ભાવમાં કિલોએ રૂ.૪નો વધારો, ૧૨ મહિનામાં રૂ.૧૫ મોંઘી થઈ

એક મહિનામાં ચાર રૂપિયાનો વધારો, છૂટક બજારમાં કિલો ખાંડનો ભાવ ૬૫ રૂપિયા પહોંચ્યો

અમદાવાદ, તા.૬

દિવાળીના તહેવારને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે લોકો બજારોમાં જરુરિયાતની વસ્તુ ખરીદી રહ્યા છે. પરંતુ આ વખતે જાણ મોંઘવારી વધી રહી હોય તેમ જણાઈ રહ્યું છે. બજારમાં પહેલા અમૂલ ઘી-બટરના ભાવો વધ્યા પછી સીએનજી ગેસના ભાવમાં પણ વધતાં સામાન્ય લોકોને આર્થિક ફટકો પડ્યો છે. જોકે, હવે એક મહિના અલ્પગાળામાં ખાંડના ભાવમાં પણ પ્રતિ કિલોએ રુ. ૪નો વધારો ઝીંકાતાં મોંઘવારીનો વધુ એક ડામ લાગ્યો છે.દિવાળી અને નૂતન વર્ષના તહેવારમાં લોકો એકબીજાને મોંઢું મીઠું કરાવતા હોય છે. પરંતુ એક જ મહિનામાં ખાંડના ભાવમાં રુ.૪નો વધારો થઈને મોંઘી થઈ છે. બજારોમાં છેલ્લા કેટલાક દિવસોથી જીવનજરુરિયાતની વસ્તુઓ જેમ કે, દાળ, ઘી, ચોખાના ભાવમાં ભારે વધારો થયો છે. આ ઉપરાંત ડીઝલ અને પેટ્રોલના ભાવમાં વધારો નોંધાતાં લોકોની દિવાળી ફિક્કી બની છે.ખાંડના ભાવની વાત કરીએ તો, છૂટક બજારમાં કિલો ખાંડનો ભાવ ૬૫ રુપિયા થઈ ગયો છે. જ્યારે બીજી બાજુ મુખ્ય જથ્થાબંધ બજારોમીં સરેરાશ ભાવ રુ. ૫૫.૪૦ પ્રતિ કિલોની સપાટીએ જોવા મળ્યો છે. દિવાળી જેવો તહેવાર આવી રહ્યો હોવાથી બજારમાં ચોકલેટ, મીઠાઈની ભારે ડિમાન્ડ વચ્ચે ખાંડનો પુરવઠો ઓછો થવાના લીધે કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે.દિવાળીમાં ખાંડની ડિમાન્ડમાં વધારોગત વર્ષે ખાંડનો સરેરાશ ભાવ ૪૮ પ્રતિ કિલોની આસપાસ હતો. પરંતુ માત્ર ૧૨ મહિનામાં જ ખાંડ રુ.૧૫ જેટલી મોંઘી થતાં ગૃહિણીઓ અને આમ જનતનું બજેટ ખોરવાઈ ગયું છે. તેમજ આ ભાવ વધારો ૧૩ દિવસમાં બીજી વખત ભાવ વધારો થઈ રહ્યો છે. સ્થાનિક હોલસેલ વેપારીઓના જણાવ્યા પ્રમાણે, આ વર્ષે મિલોમાં સપ્લાય મર્યાદિત રહી છે. જેના લીધે દિવાળી જેવા તહેવારો હોવાથી ખાંડની ડિમાન્ડ અચાનક બેગણી થઈ ગઈ છે.

જાલોનની કરુણ ઘટનાથી પરિવાર સ્તબ્ધ

મોબાઈલ માટે બહેન સાથે ઝઘડો થતાં ૮ વર્ષના બાળકે જીવન ટૂંકાવ્યું

રીલ્સ જોતી વખતે બહેને ફોન છીનવી લેતાં નારાજ થઈ રૂમમાં ગયો માસૂમ; માતા-પિતાની ગેરહાજરીમાં બની હૃદયદ્રાવક ઘટના

જાલોન, તા. ૬

ઉત્તર પ્રદેશના જાલોન જિલ્લાના ડૂંગરપુરવા ગામમાં મોબાઈલના ઉપયોગને લઈને થયેલા સામાન્ય ભાઈ-બહેનના ઝઘડાએ કરુણ અંત લાવ્યો છે. માત્ર ૮ વર્ષના રિતિકે બહેને મોબાઈલ ફોન છીનવી લેતાં નારાજ થઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે.

નાનકડી વાતમાં બાળકે ભરેલું આ જીવલેણ પગલું માતા-પિતા અને વાલીઓ માટે ચિંતાજનક ચેતવણી સમાન બન્યું છે. પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર, રિતિક પોતાની દોઢ વર્ષ મોટી બહેન સાથે મોબાઈલમાં રીલ્સ જોઈ રહ્યો હતો. આ દરમિયાન બહેને તેના હાથમાંથી મોબાઈલ લઈ લેતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. બહેનની આ હરકતથી નારાજ થયેલો રિતિક ગુસ્સામાં પોતાના રૂમમાં જતો રહ્યો હતો. ત્યારબાદ તેણે આત્મહત્યા કરી લીધી હતી.

ઘટના સમયે બાળકોનાં માતા-પિતા ઘરમાં હાજર નહોતાં. થોડા સમય બાદ પરિવારજનોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક દોડધામ મચી ગઈ હતી. માસૂમના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

ઘટનાની જાણ થતાં પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ફોરેન્સિક ટીમે પણ ઘટનાસ્થળેથી જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ૩ નવેમ્બરના રોજ આ બનાવની માહિતી મળી હતી. હાલ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનાએ નાની ઉંમરનાં બાળકોમાં મોબાઈલ અને સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ અંગે ફરી ચિંતા ઊભી કરી છે. બાળકોની માનસિક સ્થિતિ, ગુસ્સો, નારાજગી અને તેમની સાથેનો સંવાદ વાલીઓ માટે અત્યંત મહત્ત્વનો છે. બાળકોને મોબાઈલ આપવાની સાથે તેમના સ્ક્રીન ટાઈમ અને વર્તન પર ધ્યાન આપવું પણ એટલું જ જરૂરી છે.

સાબર ડેરી અને સાબરકાંઠા બેંકની ચૂંટણી છેલ્લી ઘડીએ મોકૂફ

બંને સહકારી સંસ્થાઓમાં ચેરમેન અને વાઇસ ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં ચૂંટણી યોજવાનું આયોજન હતું

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો ખેડૂતો અને પશુપાલકો સાથે સીધી રીતે સંકળાયેલી સાબર ડેરી તથા સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી છે. શુક્રવારે યોજાનારી બંને સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપની આંતરિક જૂથબંધી, અસંતોષ અને સંભવિત હોર્સ ટ્રેડિંગની ચર્ચાઓને પગલે પ્રદેશ નેતાગીરીએ દરમિયાનગીરી કરતાં ચૂંટણી પ્રક્રિયા હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

બંને સહકારી સંસ્થાઓમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં આગામી ૬ નવેમ્બરના રોજ ચૂંટણી યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે સેન્સ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. જોકે, સાબર ડેરીમાં વર્તમાન ચેરમેન શામળ પટેલ સામે ડિરેક્ટરોમાં ઊભા થયેલા અસંતોષ અને ચેરમેન પદ માટે ડો. વિપુલ પટેલને મળતા સમર્થનને પગલે રાજકીય સમીકરણો બદલાતાં ભાજપની નેતાગીરીમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

ખાસ કરીને મૂળ કોંગ્રેસી પૃષ્ઠભૂમિ ધરાવતા ડો. વિપુલ પટેલને મોટાભાગના ડિરેક્ટરોનું સમર્થન મળી રહ્યું હોવાની ચર્ચાએ સ્થાનિક રાજકારણમાં ગરમાવો વધાર્યો હતો. બીજી તરફ, બંને સંસ્થાઓમાં પદ મેળવવા માટે પડદા પાછળ સોદાબાજી અને હોર્સ ટ્રેડિંગ થવાની આશંકાઓ પણ વ્યક્ત થઈ રહી હતી.

પરિસ્થિતિ વધુ વણસે નહીં તે હેતુથી ૪ નવેમ્બરની રાત્રે જ તમામ ડિરેક્ટરોને તાત્કાલિક ગાંધીનગર તેડાવવામાં આવ્યા હતા. ત્યાં પ્રદેશ સંગઠનના મહામંત્રી અને ઉત્તર ગુજરાત ઝોનના પ્રભારી સમક્ષ ડિરેક્ટરો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તેમની પાસેથી સમગ્ર પરિસ્થિતિ અંગે જવાબો મેળવવામાં આવ્યા હતા તેમજ પક્ષની આંતરિક જૂથબંધી અને અસંતોષ અંગે આકરી પૂછપરછ કરવામાં આવી હોવાનું સૂત્રો જણાવે છે.

ચૂંટણીના રાજકીય ગણિત ઉપરાંત ભ્રષ્ટાચાર, ભરતીના નામે લાખો રૂપિયાની ઉઘરાણી અને સોદાબાજી જેવા ગંભીર આક્ષેપો પણ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. ઈડર માર્કેટયાર્ડમાં સર્જાયેલી રાજકીય પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે પ્રદેશ સ્તરે સાવચેતીના પગલાં લેવામાં આવ્યાં હોવાનું મનાય છે. આખરે, બંને સંસ્થાઓની ચૂંટણી હાલ પૂરતી મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે. હવે ચૂંટણીનો નવો કાર્યક્રમ ક્યારે જાહેર થાય છે અને સહકારી રાજકારણમાં આગળ કેવાં નવાં સમીકરણો રચાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

કોંગ્રેસી મંત્રીના નિવેદનથી રાજકીય ગરમાવો

રાહુલ ગાંધીના એક ઈશારે ૪૦ લાખ યુવાનો રસ્તા પર ઉતરશે

ભારતની હાલત બાંગ્લાદેશ અને નેપાળ કરતાં પણ ખરાબ થઈ શકે છે; ઈરફાન અન્સારીની ચેતવણી, ભાજપની કાયદેસરની કાર્યવાહીની માગ

નવી દિલ્હી, તા.૬

દેશમાં યુવાનો, ખેડૂતો, મધ્યમ વર્ગ, દલિતો અને આદિવાસીઓમાં સરકાર સામે ભારે અસંતોષ હોવાનો દાવો કરતાં ઝારખંડના કોંગ્રેસી સ્વાસ્થ્ય મંત્રી ઈરફાન અન્સારીએ આપેલા નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. અન્સારીએ દાવો કર્યો છે કે રાહુલ ગાંધીના એક ઈશારે ૪૦ લાખ યુવાનો રસ્તા પર ઉતરી શકે છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર સમયસર સ્થિતિ નહીં સંભાળે તો ભારતની હાલત બાંગ્લાદેશ અને નેપાળ કરતાં પણ ખરાબ થઈ શકે તેવી ચેતવણી પણ તેમણે આપી છે.

સમાચાર એજન્સી પીટીઆઈ સાથેની વાતચીતમાં ઈરફાન અન્સારીએ જણાવ્યું હતું કે તેઓ તાજેતરમાં દિલ્હી ગયા હતા, જ્યાં તેમની મુલાકાત અનેક યુવાનો સાથે થઈ હતી. તેમના જણાવ્યા મુજબ, દેશમાં યુવાનો ઉપરાંત ખેડૂતો, મધ્યમ વર્ગ, દલિતો અને આદિવાસીઓમાં પણ સરકાર સામે નારાજગી જોવા મળી રહી છે. અન્સારીએ વધુમાં દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીએ દેશના ૪૦ લાખ યુવાનોને અત્યાર સુધી રોકી રાખ્યા છે. જો રાહુલ ગાંધી એક ઈશારો કરે તો આ યુવાનો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી શકે છે. આટલી મોટી સંખ્યામાં લોકો આંદોલન માટે રસ્તા પર ઊતરે તો સરકાર તેમને રોકવા કેટલું બળ વાપરશે તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

કોંગ્રેસી મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે સમયસર પરિસ્થિતિ સંભાળવાની જરૂર છે. અન્યથા દેશમાં કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ શકે છે અને ભારતની હાલત બાંગ્લાદેશ તથા નેપાળ કરતાં પણ ખરાબ થઈ શકે છે. તેમના આ નિવેદનથી રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

ઈરફાન અન્સારીના નિવેદન બાદ ભાજપે આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર અન્સારીનો વીડિયો શેર કરીને તેમના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. ભાજપના જણાવ્યા મુજબ, આ નિવેદન દેશમાં અરાજકતા ફેલાવવાની ચેતવણી સમાન છે. ભાજપે આ મામલે કેન્દ્ર સરકાર પાસે કોંગ્રેસી મંત્રી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માગ પણ કરી છે.એક તરફ કોંગ્રેસી મંત્રીના નિવેદનથી રાજકીય માહોલ ગરમાયો છે, તો બીજી તરફ ભાજપે તેને લોકશાહી વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થાને લગતા ગંભીર મુદ્દા તરીકે રજૂ કર્યો છે. હવે આ નિવેદન અંગે કોંગ્રેસના અન્ય નેતાઓ અને કેન્દ્ર સરકાર તરફથી કેવો પ્રતિભાવ આવે છે તેના પર રાજકીય વર્તુળોની નજર છે.

સુપ્રીમ કોર્ટની રેસ્ટોરન્ટ માલિકોને રાહત નહીં

સોમનાથ મંદિર આસપાસ નોનવેજ પર પ્રતિબંધ યથાવત

ગુજરાત હાઈકોર્ટને વહેલી તકે અંતિમ નિર્ણય લેવા તાકીદ, દિવાળીમાં મીઠાઈ ખાઈ ઉજવણી કરવાની હળવી ટકોર

નવી દિલ્હી, તા. ૬

પ્રભાસ પાટણ સ્થિત વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિરની આસપાસના વિસ્તારમાં માંસાહારી ખાદ્યપદાર્થોના વેચાણ, બનાવટ અને સંગ્રહ પર લાદવામાં આવેલા પ્રતિબંધના મામલે સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે. આથી હાલ પૂરતો પ્રતિબંધ યથાવત્ રહેશે. જોકે, આ મામલે ગુજરાત હાઈકોર્ટને વહેલી તકે અંતિમ નિર્ણય લેવા સુપ્રીમ કોર્ટે તાકીદ કરી છે.

સોમનાથ મંદિર આસપાસના વિસ્તારમાં માંસાહારી ખોરાક પર પ્રતિબંધ મૂકવાના જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશને સ્થાનિક રેસ્ટોરન્ટ સંચાલકોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ત્યારબાદ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. સુનાવણી દરમિયાન રેસ્ટોરન્ટ માલિકો તરફથી દલીલ કરવામાં આવી હતી કે દેશમાં મોટી સંખ્યામાં લોકો માંસાહાર કરે છે અને પ્રતિબંધને કારણે તેમના વ્યવસાય પર ગંભીર અસર પડી રહી છે. આ પ્રતિબંધના કારણે રેસ્ટોરન્ટનો ધંધો બંધ કરવાની નોબત આવી શકે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે દરેક બાબતમાં સંતુલન જાળવવું જરૂરી છે. કોર્ટે ગુજરાત હાઈકોર્ટને આ મામલે ઝડપી સુનાવણી કરીને અંતિમ નિર્ણય લેવા અનુરોધ કર્યો હતો. સુનાવણી દરમિયાન ન્યાયાધીશોએ હળવી ટકોર કરતાં દિવાળીના તહેવાર નિમિત્તે મીઠાઈ ખાઈને ઉજવણી કરવાની વાત પણ કરી હતી. આ ટિપ્પણીને પગલે કેસની સુનાવણી ચર્ચામાં આવી છે.

આ સમગ્ર વિવાદનો પ્રારંભ ગત ૧૦ ઓગસ્ટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરાયેલા આદેશથી થયો હતો. આ આદેશ હેઠળ સોમનાથ મંદિરની આસપાસના ૫૦૦ મીટરના વિસ્તારમાં દુકાનો, રેસ્ટોરન્ટ અને રસ્તા કિનારે માંસાહારી વાનગીઓ બનાવવી, વેચવી અને તેનો સંગ્રહ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ સામે રેસ્ટોરન્ટ સંચાલકોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૩૦ ઓક્ટોબરના રોજ હાઈકોર્ટની સિંગલ બેન્ચે અરજી સ્વીકારી રાજ્ય સરકાર પાસે જવાબ માગ્યો હતો. રાજ્ય સરકાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે ધાર્મિક સ્થળોની આસપાસ માંસાહારી ખોરાકના કારણે શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાઈ શકે છે અને તેમને અસુવિધા થઈ શકે છે. હાઈકોર્ટની સિંગલ બેન્ચ દ્વારા પ્રતિબંધ હટાવવા અંગે આદેશ કરાયા બાદ ડિવિઝન બેન્ચે તેના અમલ પર સ્ટે આપ્યો હતો. પરિણામે પ્રતિબંધનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. હવે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશમાં હસ્તક્ષેપ નહીં કરતાં હાલની સ્થિતિ યથાવત્ રહી છે. જોકે, પ્રતિબંધ અંગેનો અંતિમ નિર્ણય ગુજરાત હાઈકોર્ટની આગામી સુનાવણી બાદ જ સ્પષ્ટ થશે.

૭ નવેમ્બરથી SIR સામે વિરોધ પ્રદર્શન

દિલ્હીમાં જગ્યા ન મળી તો CJPએ કોચીમાં માંડ્યો મોરચો

જંતર મંતર@કોચી નામ અપાયું; અભિજીત દીપકે સહિત CJPના આગેવાનો રાજેન્દ્ર મેદાનમાં ઉતરશે

કોચી, તા.૬

દિલ્હીના જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શનની યોજના નિષ્ફળ રહ્યા બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP)એ હવે કેરળના કોચીમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા સામે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. આગામી ૭ નવેમ્બર, શનિવારે કોચીના રાજેન્દ્ર મેદાન ખાતે સાંજે ૪ વાગ્યાથી આ વિરોધ પ્રદર્શન યોજાશે.

જંતર મંતર @ કોચી નામ આપવામાં આવેલા આ કાર્યક્રમમાં CJPના સ્થાપક અભિજીત દીપકે સહિત પક્ષના અન્ય આગેવાનો પણ જોડાશે.

CJP દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને આ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી છે. લોકશાહી બચાવો, SIR રદ કરોના સૂત્ર સાથે પક્ષે લોકોને વિરોધ પ્રદર્શનમાં જોડાવા અપીલ કરી છે. અભિજીત દીપકેએ પણ વીડિયો સંદેશ મારફતે કોચીમાં યોજાનારા કાર્યક્રમમાં પોતે હાજર રહેવાની જાહેરાત કરી છે. તેમની સાથે દક્ષિણ ક્ષેત્રના આગેવાન વિજય મલ્લંગી અને રાષ્ટ્રીય સચિવ આફરીન નવાઝ પણ ઉપસ્થિત રહેવાના છે. ઉલ્લેખનીય છે કે અગાઉ CJP દ્વારા દિલ્હીના જંતર મંતર ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને SIR પ્રક્રિયા સામે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, વિરોધ પ્રદર્શન માટે મંજૂરી ન મળતાં CJPના આગેવાનો અભિજીત દીપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસની અટકાયત કરવામાં આવી હતી.

ત્યારબાદ જંતર મંતરને નિયુક્ત વિરોધ પ્રદર્શન સ્થળોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું હતું. આ નિર્ણયના વિરોધમાં સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ જંતર મંતર ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો, જેના પગલે બંનેની ધરપકડ કરવામાં આવી હતી. બંને આગેવાનોએ આશરે એક સપ્તાહ જેલમાં વિતાવ્યા બાદ ૨૧ ઓક્ટોબરે મુક્તિ મેળવી હતી.

દિલ્હીમાં સર્જાયેલી પરિસ્થિતિ અને પક્ષના આગેવાનોની અટકાયત બાદ CJPએ હવે વિરોધ પ્રદર્શન માટે કોચીની પસંદગી કરી છે. પક્ષના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમ દ્વારા મતદાર યાદીઓની SIR પ્રક્રિયા રદ કરવાની માગ ઉઠાવવામાં આવશે. અગાઉ દિલ્હી ખાતે વિરોધ પ્રદર્શનની યોજના સફળ ન થયા બાદ હવે કેરળમાં યોજાનારા આ કાર્યક્રમને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

આ વિરોધ પ્રદર્શનને કેવો પ્રતિસાદ મળે છે અને SIR મુદ્દે CJP પોતાનું આંદોલન કેટલું આગળ વધારે છે તે જોવું રસપ્રદ રહેશે.

દિવાળીમાં ગુજરાત ટૂરિઝમની 'ગોલ્ડન સીઝન'

૯૦ લાખ પ્રવાસીઓએ સ્થાનિક અર્થતંત્રમાં ૧૨૦૦ કરોડ ઠાલવ્યા

અમદાવાદ, તા.૬

દિવાળી માત્ર ઘરમાં જ સજાવટ અને નવી ઊર્જા નથી લાવતી, પરંતુ ગુજરાતના પ્રવાસન ઉદ્યોગ માટે કમાણીની આખી ગોલ્ડન સીઝન લઈને આવે છે. તહેવારોની રજાઓમાં રાજ્યભરમાં ઊમટી પડતા અંદાજે ૯૦ લાખ પ્રવાસીઓ સ્થાનિક અર્થતંત્રમાં ૧૨૦૦ કરોડ રૂપિયાનું ધમધોકાર ભંડોળ ઠાલવે છે. આ કમાણી માત્ર ફાઈવ-સ્ટાર હોટેલ્સ પૂરતી મર્યાદિત નથી, પરંતુ લક્ઝરી રૂમથી લઈને મંદિરની બહાર પ્રસાદ વેચતા નાના વેપારી અને હાઈવે પર ચા-નાસ્તો કરાવતા ધાબાવાળા સુધીના દરેક નાના-મોટા રોજગારને આવરી લે છે.

દિવાળીના દિવસોમાં ગુજરાતના પ્રખ્યાત ધાર્મિક સ્થળો પર ભાવિકોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. ધનતેરસથી ભાઈબીજ સુધીના ગણતરીના દિવસોમાં જ ૪.૬૫ લાખ ભક્તોએ દ્વારકામાં કાળિયા ઠાકોરના દર્શન કર્યા હતા. જ્યારે ચાર દિવસના ટૂંકા ગાળામાં આશરે ૭ લાખ ભાવિકોએ મા ચામુંડાના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. ધાર્મિક સ્થળો ઉપરાંત મોર્ડન ટૂરિઝમ સ્પોટ્સ પર પણ ભારે ભીડ જોવા મળી હતી, જેમાં પાંચ દિવસમાં ૨ લાખથી વધુ લોકોએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સરથાણા નેચર પાર્કમાં ૮૧,૧૧૯ પ્રવાસીઓએ મુલાકાત લેતા પાર્કને રૂ. ૨૨.૯૫ લાખની આવક થઈ હતી.રાજ્ય સરકારના સત્તાવાર આંકડા દર્શાવે છે કે તહેવારોમાં પ્રવાસીઓનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩માં દિવાળી વેકેશન દરમિયાન ૪૩ લાખ જ્યારે ૨૦૨૪માં ૬૧.૭૦ લાખ લોકો પ્રવાસી બન્યા હતા. જેમાંથી બે-તૃતીયાંશથી વધુ હિસ્સો માત્ર દ્વારકા, અંબાજી, સોમનાથ અને પાવાગઢ જેવા ચાર મુખ્ય યાત્રાધામોનો રહ્યો હતો.રાજ્યના કૂલ ઘરેલુ ઉત્પાદન (GDP)માં પણ પ્રવાસન ક્ષેત્રનું મોટું પ્રદાન રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતના [illegible]માં ટૂરિઝમ સેક્ટરનો ફાળો આશરે ૬.૯૫ ટકા રહ્યો હતો, જેણે આખા વર્ષ દરમિયાન રાજ્યના અર્થતંત્રમાં રૂ. ૧.૮૬ લાખ કરોડનું ભવ્ય યોગદાન આપ્યું છે. આ દિવાળી સીઝનમાં પ્રવાસીદીઠ સરેરાશ રૂ. ૧,૩૩૩નો સ્થાનિક વેપાર નોંધાયો છે, જે સ્થાનિક વેપારીઓ માટે સમૃદ્ધિની નવી આશા લઈને આવ્યો છે.

નિફ્ટી ૨૫ હજારને પાર બંધ

દિવાળી પહેલાં શેરબજારમાં બમ્પર તેજી સેન્સેક્સ ૧,૭૧૮ પોઇન્ટ ઉછળ્યો

રોકાણકારોની ખરીદીથી બજારમાં ખુશીનો માહોલ, સેન્સેક્સ ૮૧,૦૨૮.૦૨ અને નિફ્ટી ૨૫,૦૩૦.૩૫ના સ્તરે બંધ થયા

મુંબઈ, તા.૬

ભારતીય શેરબજારમાં શુક્રવાર, ૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ જોરદાર તેજી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં નબળાઈ હોવા છતાં ભારતીય બજારે શાનદાર પ્રદર્શન કર્યું હતું. દિવસના અંતે મ્જીઈ સેન્સેક્સ ૧,૭૧૮.૦૧ પોઈન્ટ એટલે કે ૨.૧૭ ટકાના ઉછાળા સાથે ૮૧,૦૨૮.૦૨ના સ્તરે બંધ થયો હતો. જ્યારે દ્નજીઈ નિફ્ટી ૫૦ ૪૯૩.૭૫ પોઈન્ટ એટલે કે ૨.૦૧ ટકા વધીને ૨૫,૦૩૦.૩૫ના સ્તરે બંધ રહ્યો હતો.

શુક્રવારના ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોની ખરીદીના જોરે બજારમાં સતત તેજી જોવા મળી હતી. સેન્સેક્સે ૮૧ હજારની મહત્ત્વપૂર્ણ સપાટી પાર કરી હતી. બીજી તરફ નિફ્ટીએ પણ ૨૫ હજારનો આંકડો વટાવીને મજબૂત ક્લોઝિંગ આપી હતી.

બજારમાં ખાસ કરીને IT અને બેક્કિંગ ક્ષેત્રના શેરોમાં ખરીદી જોવા મળી હતી. TCS, ઈન્ફોસિસ, HCL ટેકનોલોજી અને ટેક મહિન્દ્રા જેવા શેરોએ બજારને ટેકો આપ્યો હતો. આ ઉપરાંત નાણાકીય ક્ષેત્રના શેરોમાં પણ રોકાણકારોનો રસ જોવા મળ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૫ નવેમ્બરના રોજ ભારતીય શેરબજારમાં રૂ.૧૪,૯૭૪.૬૮ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. વિદેશી રોકાણકારોની આ મોટી ખરીદીથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. શુક્રવારની તેજી સાથે ભારતીય શેરબજારમાં સતત સાતમા ટ્રેડિંગ સેશનમાં વધારો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં આશરે ૮.૮ ટકા અને નિફ્ટીમાં આશરે ૮.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. વૈશ્વિક બજારોમાં ટેકનોલોજી શેરોની નબળાઈ છતાં ભારતીય શેરબજારે મજબૂત દેખાવ કર્યો હતો. કાચા તેલના ભાવમાં ઘટાડો, વિદેશી રોકાણકારોની ખરીદી અને કંપનીઓનાં પરિણામોએ બજારને ટેકો આપ્યો હતો. આગામી દિવસોમાં પણ રોકાણકારોની નજર વૈશ્વિક સંકેતો અને બજારની દિશા પર રહેશે.

ઠંડીની શરૂઆત સાથે દિલ્હીમાં પ્રદૂષણનો કહેર

દિલ્હીમાં ૨૮ વિસ્તારોમાં AQI ૪૦૦ને પાર, રોહિણીમાં ૪૭૨

પ્રદૂષણની ગંભીર સ્થિતિથી દિલ્હીવાસીઓના આરોગ્ય સામે જોખમ; ૫૯માંથી ૨૮ મોનિટરિંગ સેન્ટરોમાં હવા ગંભીર શ્રેણીમાં

નવી દિલ્હી, તા. ૬

દેશની રાજધાની દિલ્હીમાં ઠંડીની શરૂઆત સાથે જ હવાનું પ્રદૂષણ ચિંતાજનક સ્તરે પહોંચી ગયું છે. પ્રદૂષિત હવાને કારણે દિલ્હીવાસીઓ માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બન્યો છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના આંકડા મુજબ શુક્રવારે સવારે દિલ્હીમાં સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૮૫ નોંધાયો હતો. જ્યારે શહેરનાં અનેક વિસ્તારોમાં છઊૈં ૪૦૦ને પાર થતાં હવાની ગુણવત્તા અતિ ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે.

પ્રાપ્ત આંકડા મુજબ દિલ્હીના કુલ ૫૯ હવા ગુણવત્તા મોનિટરિંગ કેન્દ્રોમાંથી ૨૮ કેન્દ્રો પર AQI ૪૦૦થી વધુ નોંધાયો છે. રોહિણી વિસ્તારમાં સૌથી વધુ 472 AQI નોંધાતાં સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. આ ઉપરાંત IIT દિલ્હી ખાતે ૪૬૭, પંજાબી બાગમાં ૪૬૨ અને જહાંગીરપુરીમાં 460 AQI નોંધાયો હતો. બાકીનાં ૩૦ મોનિટરિંગ કેન્દ્રો પર પણ હવાની ગુણવત્તા ખરાબ શ્રેણીમાં રહી હતી.

હવામાનની પ્રતિકૂળ સ્થિતિ અને પવનની ગતિમાં ઘટાડાને કારણે પ્રદૂષિત હવા વાતાવરણમાં જ ફસાઈ રહી છે. પરિણામે દિલ્હીમાં સ્મોગનું પ્રમાણ વધવાની સાથે હવાની ગુણવત્તા પણ કથળી રહી છે. IIT મદ્રાસના અહેવાલ મુજબ શુક્રવાર સાંજ સુધીમાં પવનની ગતિમાં વધુ ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો પવનની ગતિમાં સુધારો નહીં થાય તો પ્રદૂષણનું સ્તર વધુ ગંભીર બની શકે છે.

દિવાળીના તહેવાર નજીક આવતાં પ્રદૂષણની સ્થિતિ વધુ વણસવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ફટાકડાના ધુમાડા અને પ્રતિકૂળ હવામાનના સંયુક્ત પ્રભાવથી સ્મોગનું પ્રમાણ વધવાની શક્યતા છે. પ્રદૂષણની આ સ્થિતિ ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વસન સંબંધી તકલીફ ધરાવતા લોકો માટે જોખમી બની શકે છે.

દિલ્હીમાં સતત કથળતી હવાની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં પ્રદૂષણ નિયંત્રણ માટે વધુ કડક પગલાં અને આરોગ્યલક્ષી માર્ગદર્શિકા જાહેર કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. રાજધાનીના નાગરિકો હવે હવામાનમાં સુધારો અને પ્રદૂષણના સ્તરમાં ઘટાડાની રાહ જોઈ રહ્યા છે.

મોંઘવારીથી વેપારીઓની ખરીદી ઘટી

ડિજિટલ યુગમાં પણ લાલ ચોપડાની બોલબાલા

કાગળ, પૂંઠા અને મજૂરી ખર્ચ વધતાં ચોપડા મોંઘા થયા; ૧૦થી ૧૫ ચોપડા ખરીદતા વેપારીઓ હવે માત્ર ૪થી ૫ ચોપડાથી ચલાવે છે

અમદાવાદ, તા. ૬

દિવાળીના પર્વે વેપારીઓ માટે ચોપડા પૂજનનું વિશેષ ધાર્મિક અને પરંપરાગત મહત્ત્વ છે. નવા નાણાકીય વર્ષના પ્રારંભે લાલ ચોપડા, ખાતાવહી અને રોજમેળની પૂજા કરી વેપારીઓ નવા વર્ષના હિસાબકિતાબની શરૂઆત કરે છે. જોકે, આ વર્ષે મોંઘવારીની અસર પરંપરાગત ચોપડાના બજાર પર પણ જોવા મળી રહી છે. કાગળ, પૂંઠા, છાપકામ અને મજૂરીના ખર્ચમાં વધારો થતાં ચોપડાના ભાવમાં ૨૦થી ૨૫ ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. પરિણામે વેપારીઓની ખરીદી પર પણ તેની અસર પડી છે. અમદાવાદના ગાંધી રોડ અને માણેકચોક સહિતનાં જૂનાં બજારોમાં દિવાળી દરમિયાન લાલ ચોપડા અને ખાતાવહીની મોટા પાયે ખરીદી થતી હોય છે. જોકે, આ વર્ષે ભાવવધારાને કારણે વેપારીઓ અગાઉની સરખામણીએ ઓછી સંખ્યામાં ચોપડા ખરીદી રહ્યા છે. જે વેપારીઓ અગાઉ ૧૦થી ૧૫ ચોપડા ખરીદતા હતા તેઓ હવે માત્ર ૪થી ૫ ચોપડા ખરીદીને સંતોષ માની રહ્યા છે.

ચોપડા બનાવવામાં વપરાતા કાગળના ભાવમાં પ્રતિ કિલો આશરે પાંચ રૂપિયાનો વધારો થયો છે. આ ઉપરાંત પૂંઠા, બાઈન્ડિંગ, છાપકામ અને કારીગરોની મજૂરીના ખર્ચમાં પણ વધારો થતાં ઉત્પાદન ખર્ચ ઊંચો ગયો છે. તેની સીધી અસર બજારમાં વેચાતા ચોપડાના ભાવ પર પડી છે. બજારમાં અગાઉ રૂ. ૨૦૦થી ૩૦૦માં મળતો સામાન્ય રોજમેળ હવે આશરે રૂ. ૪૦૦ સુધી પહોંચ્યો છે. તેવી જ રીતે અગાઉ રૂ. ૧૫૦થી ૨૦૦માં મળતી ખાતાવહીના ભાવ વધીને રૂ. ૩૦૦ આસપાસ થયા છે. ભાવવધારાને કારણે નાના વેપારીઓના બજેટ પર પણ ભાર પડ્યો છે. આધુનિક સમયમાં કમ્પ્યુટર, ટેલી અને જીએસટી સોફ્ટવેર દ્વારા હિસાબ રાખવાનું ચલણ વધ્યું હોવા છતાં દિવાળીના પર્વે લાલ ચોપડાનું મહત્ત્વ આજે પણ યથાવત્ છે. અનેક વેપારીઓ આખા વર્ષનો હિસાબ ડિજિટલ માધ્યમથી રાખે છે, પરંતુ લક્ષ્મીપૂજન અને શારદા પૂજનના દિવસે પરંપરા મુજબ નવા લાલ ચોપડાની પૂજા અવશ્ય કરે છે. તેમાં શ્રી સવા લખી સ્વસ્તિક દોરીને નવા વર્ષના હિસાબની શરૂઆત કરવામાં આવે છે.

વેપાર-ધંધામાં કમ્પ્યુટરનો ઉપયોગ વધ્યો હોવા છતાં નાના વેપારીઓ માટે તેની જાળવણી અને ઓપરેટરનો ખર્ચ પણ મોટો પ્રશ્ન બન્યો છે. અગાઉ રૂ. ૫થી ૧૦ હજાર સુધીના પગારે ઉપલબ્ધ થતા કમ્પ્યુટર ઓપરેટરોનો પગાર હવે રૂ. ૨૦થી ૨૫ હજાર સુધી પહોંચ્યો હોવાનો વેપારીઓનો મત છે. પરિણામે નાના વેપારીઓ માટે આ ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બનતાં કેટલાક વેપારીઓ ફરી હાથથી ચોપડામાં હિસાબ રાખવાની પદ્ધતિ અપનાવી રહ્યા છે.

એક તરફ ડિજિટલ વ્યવહારો અને આધુનિક હિસાબી પદ્ધતિઓનો વ્યાપ વધી રહ્યો છે, તો બીજી તરફ પરંપરાગત લાલ ચોપડાની માગ પણ યથાવત્ છે. જોકે, મોંઘવારીના કારણે આ વર્ષે વેપારીઓ ખરીદીમાં કાપ મૂકી રહ્યા છે. આમ, દિવાળીના ચોપડા પૂજનની પરંપરા જળવાઈ રહી છે, પરંતુ મોંઘવારીના કારણે વેપારીઓનું બજેટ ખોરવાયું છે.

અમદાવાદમાં જ રૂ. ૮૫થી ૧૧૩ કરોડના સોનાની ખરીદી

ધનતેરસે ગુજરાતમાં સોનાની ખરીદીનો રેકોર્ડબ્રેક ઉત્સાહ

સોનાના ભાવમાં તાજેતરમાં ઘટાડો થતાં ગ્રાહકો ફરી બજારમાં ખરીદી માટે ઉમટી પડ્યા હતા

અમદાવાદ,તા.૬

દિવાળીના પર્વ દરમિયાન ગુજરાતના સોના-ચાંદીના બજારમાં ખરીદીનો ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. ધનતેરસના શુભ દિવસે રાજ્યભરમાં સોનાની જોરદાર ખરીદી નોંધાઈ હતી. જથ્થાબંધ વેપારીઓના અંદાજ મુજબ, ગુજરાતમાં એક જ દિવસમાં આશરે ૧૫૦ કિલો સોનાનું વેચાણ થયું હતું, જેનું બેન્ચમાર્ક મૂલ્ય અંદાજે રૂ. ૨૧૦ કરોડ થાય છે. ખાસ વાત એ છે કે આ ખરીદીમાં એકલા અમદાવાદનો હિસ્સો ૬૦થી ૮૦ કિલો જેટલો રહ્યો હતો. સોનાના ભાવમાં તાજેતરમાં ઘટાડો થતાં ગ્રાહકો ફરી બજારમાં ખરીદી માટે ઉમટી પડ્યા હતા.

ધનતેરસના દિવસે અમદાવાદના સોના-ચાંદીના બજારમાં ભારે ચહલપહલ જોવા મળી હતી. વેપારીઓના અંદાજ પ્રમાણે શહેરમાં ૬૦થી ૮૦ કિલો સોનાનું વેચાણ થયું હતું. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના બેન્ચમાર્ક ભાવ પ્રમાણે અમદાવાદમાં વેચાયેલા સોનાનું મૂલ્ય આશરે રૂ. ૮૫ કરોડથી રૂ. ૧૧૩ કરોડ વચ્ચે થાય છે.

આમ, સમગ્ર ગુજરાતમાં થયેલી સોનાની ખરીદીમાં અમદાવાદનો હિસ્સો અંદાજે ૪૦થી ૫૩ ટકા રહ્યો હતો. અમદાવાદ ઉપરાંત સુરત, રાજકોટ અને વડોદરામાં પણ જ્વેલરીની દુકાનોમાં ગ્રાહકોની સારી એવી ભીડ જોવા મળી હતી.

સોનાના ભાવમાં અગાઉના ઊંચા સ્તરથી ઘટાડો થતાં ખરીદદારો માટે ખરીદીની તક ઊભી થઈ હતી. શુક્રવારે IBJA દ્વારા ૨૪ કેરેટ સોનાનો બેન્ચમાર્ક ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૪૧,૦૨૩ નક્કી કરવામાં આવ્યો હતો. જ્યારે ૨૨ કેરેટ સોનાનો ભાવ રૂ. ૧,૨૯,૧૭૭ રહ્યો હતો. અમદાવાદના રિટેલ બજારમાં ૨૪ કેરેટ સોનું આશરે રૂ. ૧,૪૫,૬૩૮ અને ૨૨ કેરેટ સોનું આશરે રૂ. ૧,૩૩,૪૦૪ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે વેચાયું હતું. વેપારીઓના અંદાજ પ્રમાણે ગયા વર્ષની ધનતેરસની સરખામણીએ આ વર્ષે વેચાણના જથ્થામાં આશરે ૨૦ ટકાનો વધારો નોંધાઈ શકે છે.

આ વર્ષે ૨૯ જાન્યુઆરીએ MCX પર સોનાના વાયદાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૮૦,૭૭૯ની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો હતો. તેની સરખામણીએ ધનતેરસના દિવસે IBJAનો ભાવ આશરે રૂ. ૩૯,૭૫૦ નીચો રહ્યો હતો. એટલે કે વર્ષના ઊંચા સ્તરથી સોનાના ભાવમાં અંદાજે ૨૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

સોનાની સાથે ચાંદીના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. IBJAના આંકડા મુજબ શુક્રવારે ૯૯૯ શુદ્ધતાવાળી ચાંદીનો ભાવ પ્રતિ કિલો રૂ. ૧,૮૧,૮૬૩ નોંધાયો હતો. અગાઉના દિવસની સરખામણીએ તેમાં રૂ. ૬,૦૧૯નો ઘટાડો થયો હતો. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT)ના અંદાજ મુજબ ધનતેરસ દરમિયાન દેશભરમાં સોના અને ચાંદીનો કુલ વેપાર આશરે રૂ. ૧ લાખ કરોડ સુધી પહોંચવાની અપેક્ષા હતી. જોકે, સોનાની ખરીદી વખતે ગ્રાહકોએ ૩ ટકા GST અને મેકિંગ ચાર્જિસ પણ ચૂકવવાના હોવાથી વાસ્તવિક બિલમાં વધારો થાય છે. આમ, ધનતેરસે ગુજરાતના બજારમાં સોનાની ખરીદીની ચમક જોવા મળી હતી અને અમદાવાદે તેમાં મોટો હિસ્સો નોંધાવ્યો હતો.

ધનતેરસે સોનાની ખરીદીમાં ગુજરાતનો જલવો: ૧૫૦ કિલો સોનું વેચાયું, અમદાવાદમાં ૮૦ કિલો સુધીની ખરીદી; ભાવ ઘટતાં જ્વેલર્સના ચહેરા ખીલ્યા

ધમકીભર્યા ઈ-મેઇલથી સુરક્ષા એજન્સીઓ એલર્ટ

ઈ-મેઇલમાં ગુજરાતનાં ચાર મહત્ત્વનાં સ્થળોને બોમ્બથી ઉડાવવાની ધમકી

ગુજરાત હાઈકોર્ટ, CMO અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બોમ્બથી ઉડાવવાની ધમકી : દિલજિત દોસાંઝના શોમાં IED બ્લાસ્ટની પણ ચેતવણી

અમદાવાદ, તા. ૬

ગુજરાતમાં ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ છે. ગુજરાત હાઈકોર્ટ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલય (CMO), ગાંધીનગર સચિવાલય અને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને નિશાન બનાવવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું છે. એટલું જ નહીં, આગામી ૨૧ નવેમ્બરના રોજ યોજાનારા ગાયક દિલજિત દોસાંઝના કાર્યક્રમ દરમિયાન IED બ્લાસ્ટ કરવાની પણ ધમકી આપવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અજાણ્યા શખ્સ દ્વારા મોકલવામાં આવેલા ધમકીભર્યા ઈ-મેઈલમાં ગુજરાતનાં મહત્ત્વનાં સરકારી સ્થળો અને જાહેર કાર્યક્રમોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે. ઈ-મેઈલમાં ખાલિસ્તાન નેશનલ આર્મી અને બબ્બર ખાલસા સંગઠનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશનાં અયોધ્યા, કાશી અને મથુરાનાં મંદિરોને પણ નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે.

ગુજરાત હાઈકોર્ટને ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં જ સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. ડોગ સ્ક્વોડની ટીમો દ્વારા હાઈકોર્ટ પરિસરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. પોલીસની ટીમો પણ સ્થળ પર પહોંચી તપાસમાં જોડાઈ છે. અન્ય સંભવિત સ્થળોની સુરક્ષા અંગે પણ સંબંધિત એજન્સીઓ સતર્ક બની છે.

ધમકીભર્યા ઈ-મેઈલમાં ૨૧ નવેમ્બરના રોજ દિલજિત દોસાંઝના કાર્યક્રમ દરમિયાન IED વિસ્ફોટ કરવાની ચેતવણી આપવામાં આવી છે. આને પગલે કાર્યક્રમની સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ ચિંતા ઊભી થઈ છે. જોકે, ધમકીની વિશ્વસનીયતા અને તેના પાછળ કોણ જવાબદાર છે તે અંગે તપાસ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં અગાઉ પણ અનેક વખત બોમ્બની ધમકીઓ મળી ચૂકી છે. ઓક્ટોબર મહિનામાં અમદાવાદની નારાયણ સ્કૂલ, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, વિદ્યાભારતી સ્કૂલ અને સી.એન. વિદ્યાલય સહિતની શાળાઓને ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા. તે સમયે નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી હતી. ધમકી મળતાં જ વાલીઓમાં ચિંતા ફેલાઈ હતી અને પોલીસ તથા બોમ્બ સ્ક્વોડે તપાસ હાથ ધરી હતી.

આ ઉપરાંત અમદાવાદ સહિત રાજ્યની વિવિધ જેલોને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જોકે, અગાઉના કેટલાક કિસ્સાઓમાં તપાસ દરમિયાન શંકાસ્પદ વિસ્ફોટક સામગ્રી મળી ન આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ તાજા ધમકીભર્યા ઈ-મેઈલને પગલે સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ અને ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઈ-મેઈલ મોકલનારની ઓળખ, ધમકીની ગંભીરતા અને સંભવિત જોખમ અંગે તપાસ બાદ જ વધુ સ્પષ્ટતા થશે.

દિલ્હીની ઝેરી હવા મુદ્દે સુપ્રીમ કોર્ટની કડક ટકોર

'બધો વાંક ખેડૂતોનો નથી', શ્રીમંતોનાં વાહનોના પ્રદૂષણ સામે પણ પગલાં લો

સુનાવણી દરમિયાન વાહનવ્યવહાર, ઊર્જા ઉત્પાદન અને કચરો સળગાવવા જેવા સ્થાનિક પરિબળો તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૬

દિલ્હી-NCRમાં વધી રહેલા વાયુ પ્રદૂષણના ગંભીર મુદ્દે સુપ્રીમ કોર્ટે સ્વતઃ સંજ્ઞાન લઈને સુનાવણી દરમિયાન કેન્દ્ર અને સંબંધિત તંત્ર સમક્ષ મહત્ત્વના સવાલો ઉઠાવ્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની ખંડપીઠે પ્રદૂષણ માટે માત્ર ખેડૂતોને જવાબદાર ઠેરવવા સામે સવાલ ઉઠાવતાં સ્પષ્ટ કર્યું હતું કે વાહનો સહિત પ્રદૂષણ ફેલાવતા અન્ય સ્રોતો પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

સુનાવણી દરમિયાન ન્યાયમિત્ર અને વરિષ્ઠ વકીલ અપરાજિતા સિંહે દિલ્હીની હવાની ગંભીર સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે દિલ્હીમાં હવાની ગુણવત્તા એટલી ખરાબ છે કે લોકોના અવાજ પર પણ તેની અસર થઈ રહી છે. તેમણે પ્રદૂષણની ગંભીરતા સમજાવવા કહ્યું હતું કે દિલ્હીમાં શ્વાસ લેવો એટલે દરરોજ ૩૦ સિગારેટ પીવા બરાબર છે.

ન્યાયમિત્રે કોર્ટને જણાવ્યું હતું કે તાજેતરના વરસાદને કારણે પ્રદૂષણમાં આંશિક ઘટાડો થયો હતો. ૫ નવેમ્બરના આંકડા મુજબ દિલ્હીના પ્રદૂષણમાં પરાળી સળગાવવાનો હિસ્સો ૧૪ ટકા નોંધાયો હતો. જોકે, દિલ્હીમાં પહેલેથી જ પ્રદૂષણનું પ્રમાણ ઊંચું હોવાથી પરાળીના ધુમાડાથી સ્થિતિ વધુ વણસે છે.

સુનાવણી દરમિયાન વાહનવ્યવહાર, ઊર્જા ઉત્પાદન અને કચરો સળગાવવા જેવા સ્થાનિક પરિબળો તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. દિલ્હી-NCRમાં પ્રદૂષણની સમસ્યાના ઉકેલ માટે માત્ર પરાળી સળગાવવાના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે તમામ સ્રોતો સામે અસરકારક પગલાં લેવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા પરાળી સળગાવવાની સમસ્યા અંગે ચર્ચા દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે આગામી પાકની વાવણી પહેલાં પરાળી સળગાવવાની પ્રવૃત્તિ અટકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેના જવાબમાં ન્યાયમિત્રે જણાવ્યું હતું કે ખેડૂતોને માત્ર પરાળી વ્યવસ્થાપનનાં મશીનો આપવાથી સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ નહીં આવે. નાના ખેડૂતો માટે મશીનો ચલાવવી મુશ્કેલ બને છે અને કેટલાક ખેડૂતો પાસે મશીનો ચલાવવા માટે જરૂરી ઈંધણ ખરીદવાના પણ પૂરતા પૈસા હોતા નથી. આ ઉપરાંત પરાળીની ખરીદી માટે નિર્ધારિત ભાવ આપવાની દરખાસ્ત અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે પ્રદૂષણ માટે માત્ર ખેડૂતોને જવાબદાર ગણવાના અભિગમ સામે સવાલ ઉઠાવ્યો હતો. તેમણે સમાજના શ્રીમંત અને સંભ્રાંત વર્ગ દ્વારા ઉપયોગમાં લેવાતાં વાહનોમાંથી ફેલાતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે શું પગલાં લેવામાં આવી રહ્યાં છે તે અંગે પણ પ્રશ્ન કર્યો હતો.

અદાલતની ટિપ્પણીથી સ્પષ્ટ થયું હતું કે દિલ્હી-NCRમાં વાયુ પ્રદૂષણની સમસ્યાના કાયમી ઉકેલ માટે પરાળી સળગાવવા ઉપરાંત વાહનોનો ધુમાડો, સ્થાનિક પ્રદૂષણ અને અન્ય પરિબળો સામે પણ સંકલિત પગલાં લેવાની જરૂર છે.

અમરેલીમાં ગોરસ ફાઉન્ડેશન દ્વારા દિવાળી નિમિત્તે બાળકોને મિઠાઇ વિતરણ



અમરેલીનાં રાજય મંત્રી કૌશિક વેકરિયાનાં પ્રમુખ સ્થાને નવા રચાયેલા ગોરસ ફાઉન્ડેશન દ્વારા દિવાળી પર્વ નિમિતે શહેરના કુંકાવાવ જકાતનાકા વિસ્તારનાં જરૂરિયાતમંદ પરિવારના બાળકોને મિઠાઈનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજય મંત્રી ઉપરાંત એડવોકેટ જે.આર. વાળા, જયસુખભાઈ દેસાઈ, મુકુન્દભાઈ મહેતા, રાજુભાઈ વિઠલાણી, સહિતના ફાઉન્ડેશનનાં સદસ્યો અને સેવાભાવીઓ ઉપસ્થિત રહયા હતા.

નૂતન વર્ષની ઉજવણીની તિથિઓ અંગે નાગરિકોમાં પ્રવર્તતી દ્વિધા

બગસરા : ચેમ્બર ઓફ કોમર્સની સોમવારે જ્યારે સનાતન ગ્રૂપ દ્વારા મંગળવારે નવા વર્ષની ઉજવણીની જાહેરાત

જો કે સમગ્ર જિલ્લામાં મંગળવારે નવા વર્ષની ઉજવણી

બગસરા, તા. ૬

બગસરા શહેરમાં આગામી દિવાળી અને નૂતન વર્ષના તહેવારોની ઉજવણીની તિથિઓ તેમજ સમયને લઈને વિવિધ સંસ્થાઓ, પંચાંગો અને ધાર્મિક સમુદાયોમાં મતમતાંતર પ્રવર્તતા સ્થાનિક નાગરિકોમાં ભારે દ્વિધા અને મૂંઝવણની સ્થિતિ ઊભી થઈ છે કે નવું વર્ષ કયારે ઉજવવું. એક તરફ જયાં તારીખ ૯/૧૧/ ૨૦૨૬ ને સોમવારે અમાસ પૂર્ણ થયા બાદ ચોપડા પૂજન અને ગોવર્ધન પૂજાની સાથે નૂતન વર્ષ મનાવવાનો નિર્ણય લેવાયો છે, તો બીજી તરફ પરંપરાગત તથા વૈષ્ણવ સંપ્રદાયના નિયમો મુજબ તારીખ ૧૦/૧૧/૨૦૨૬ના રોજ નૂતન વર્ષારંભ ગણવામાં આવ્યો છે. જયારે સનાતન ગ્રુપ દ્વારા આવતીકાલથી શહેરમાં રીક્ષા ફેરવી લોકોને તારીખ ૧૦/૧૧/૨૦૨૬ નૂતન વર્ષની ઉજવણી કરવી તેવી જાહેરાત કરીને લોકોની દ્વિધા દૂર કરવામાં આવશે. જયારે ઓકિસજન ગ્રુપ, જયશ્રી રામ ગ્રુપ, રામેર ગ્રુપ તેમજ અન્ય વેપારીઓ પણ તારીખ ૧૦/૧૧/૨૦૨૬નાં રોજ નૂતન વર્ષની ઉજવણી કરશે.

પ્રાપ્ત વિગતો મુજબ, તારીખ ૮/૧૧/૨૦૨૬ને રવિવારે કાળી ચૌદસ બપોરે ૧૧:૨૯ વાગ્યા સુધી રહીને ત્યારબાદ દિવાળી બપોરે ૧૧:૩૦ વાગ્યાથી શરૂ થશે. આ ઉપરાંત, તારીખ ૯/૧૧/૨૦૨૬ને સોમવારે અમાસ બપોરે ૧:૩૦ વાગ્યા સુધી રહેશે અને ત્યારબાદ ચોપડા પૂજન તેમજ ગોવર્ધન પૂજા તથા અન્નકૂટ દર્શન થશે. આ તિથિઓની ગણતરી અને વચ્ચે ધોકો આવતો હોવાથી તેને દૂર કરવા માટે બગસરા નગર સેવા સદન, ચેમ્બર ઓફ કોમર્સ, નૂતન સ્વામિનારાયણ મંદિર, જૂના સ્વામિનારાયણ મંદિર, શ્રી આપાગીગા ગાદી મંદિર, શ્રી ગોપાલલાલ મહારાજશ્રીની સકલ સૃષ્ટિ મંદિર, લેઉવા પટેલ સમાજ ગોકુલપરા સતવારાનો ચોરો, મીણબાઈ માનો ચોરો તેમજ પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયા, ચેમ્બર પ્રમુખ દિનેશ હડિયાલ, લક્ષ્મીપ્રસાદ સ્વામી, વિવેકસ્વરૂપ સ્વામી, મહંત જેરામબાપુ પટેલ, સમાજ પ્રમુખ રમેશભાઈ ગોંડલીયા અને શ્રીરામજી મંદિર ચોરાના સંચાલકો દ્વારા સોમવારના રોજ જ નૂતન વર્ષ મનાવવાનો અને શહેરના તમામ મંદિરોમાં સાંજે અન્નકૂટ દર્શન યોજવાનો સંયુકત નિર્ણય જાહેર કરાયો છે.

આ નિર્ણયના વિપરિત, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની પરંપરાગત જાહેરાત મુજબ તહેવારોની તિથિઓ અલગ છે, જેમાં તારીખ ૧૦/૧૧/૨૦૨૬ના રોજ અસલી નૂતન વર્ષારંભ ગણવામાં આવ્યો છે, જે દિવસે વૈષ્ણવો ઠાકોરજીને તથા શ્રી ગુહદેવને નવા વર્ષના દંડવત કરશે અને તારીખ ૧૧/૧૧/૨૦૨૬ના રોજ ભાઈબીજ ઉજવાશે. આમ, જુદી જુદી જાહેરાતો અને તિથિઓના સંઘર્ષને કારણે સામાન્ય જનતા અને વેપારી વર્ગમાં સાચો દિવસ કયો તે બાબતે ભારે દ્વિધા જોવા મળી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

મોંઘવારીનો માર

પરિવારો કરતાં આર્થિક રીતે દુઃખી પરિવારોની સંખ્યા બમણી છે તે અંગે કોઈ કશું બોલવા તૈયાર નથી.

બીજી તરફ દેશની કેન્દ્ર સરકાર અને જુદી–જુદી રાજય સરકાર જાહેર ખબરો, અવનવા તાયફાઓ પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે અને સરકાર સામાન્ય પરિવારોને મામુલી સહાય કરીને ભામાશા હોય તેવો દેખાવ કરતી જોવા મળી રહી હોય દેશનાં કરોડો પરિવારો કયાં સુધી મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર સામે લડી શકશે તે પ્રશ્ન ચિંતા ઉપજાવી રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીમાં ''ધનતેરસ'' નાં પવિત્ર દિને

સોના–ચાંદીના ભાવ આસમાને હોવા છતાં આજે લોકો પોતાની આર્થિક ક્ષમતા અને પસંદગી પ્રમાણે લોકોએ સોના–ચાંદીના દાગીના તેમજ સિકકાની ખરીદી કરી હતી. બીજી તરફ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ફટાકડા, મિઠાઈ, કરિયાણા અને ઘર વપરાશની ચીજવસ્તુઓની દુકાનોમાં પણ સારી એવી ઘરાકી નીકળી હતી.

ધનતેરસનાં પર્વે અમરેલી જિલ્લામાં પણ સાવરણી ખરીદવાની પણ પરંપરા હોવાથી અમરેલીના પ્રખ્યાત સાવરણીના વેપારીની દુકાને પણ ખરીદદારોની ભારે ભીડ જામી હતી. સોના–ચાંદીની ખરીદીની સાથે સાવરણી ખરીદવા માટે પણ લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આમ, ધનતેરસના પર્વે મોંઘીદાટ ખરીદીથી માંડીને સામાન્ય ઘર વપરાશની વસ્તુઓ સુધી બજારમાં ખરીદીનો માહોલ છવાયો હતો.

બીઈ તરફ બજારોમાં ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં શહેરના મુખ્ય માર્ગો ઉપર વાહનોના ખડકલા સર્જાયા હતા. ખાસ કરીને સાંજના સમયે બજાર વિસ્તારમાં વાહનોની અવરજવર વધી જતાં ટ્રાફિકની સમસ્યા વકરી હતી. અનેક સ્થળોએ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે મુખ્ય બજારનાં માર્ગો ઉપર પગપાળા ચાલીને નીકળવું પણ મુશ્કેલ બની ગયું હતું.

એકંદરે ધનતેરસના પવિત્ર પર્વે અમરેલીની બજારોમાં ખરીદીનો ઉત્સાહ છલકાયો હતો અને વેપારીઓના ચહેરા ઉપર દિવાળીની ખૂશી જોવા મળી હતી. જો કે, ખરીદીના ભારે ધસારાની વચ્ચે ટ્રાફિક વ્યવસ્થાને લઈને શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

જાફરાબાદમાં જુના–નવા બ્રિજને

નવા જુના બ્રિજ ના બન્ને છેડે ખુલ્લી જગ્યામાં અનેક વ્યકિતઓની નજર મંડાયેલી છે. એક છેડે દબાણ થઈ ચુકયું છે. પરંતુ માર્ગ મકાન વિભાગના ધ્યાન ઉપર કયારે આવશે..?? કોઈ ગરીબ વ્યકિતએ દબાણ કર્યુ હોય તો લાલ આંખ કરવામાં આવશે પરંતુ હાલમાં દબાણ તેમજ બાંધકામ થઈ ગયા હોવા છતાં તંત્ર લાલ આંખ કરવા આવતી નથી હાલમાં જ ફોર લેન રોડ બાબતે જમીન માલિક ખેડૂતોને બિનઅધિકૃત નોટિસ ફટકારવામાં આવી હતી પરંતુ માર્ગ મકાન વિભાગ ની પોતાની જમીન ઉપર બિન અધિકૃત બાંધકામ થઈ ગયા હોવા છતાં નોટિસ ફટકારવામાં આવતી નથી શું આ બાબત ગંભીર નથી નવા બ્રિજ ઉપર અનેક વખત નાના મોટા અકસ્માત સર્જાય ચુકયા છે. ધીમે ધીમે અહીં દબાણ થઈ જશે તો અનેક અકસ્માત થાવાની ભીતી નાગરિકો માંથી સેવાઈ રહી છે. શું આ બાબતે કુંભકર્ણની નિદ્રામાં સુતેલું તંત્ર જાગશે કે પછી ખુલ્લી જગ્યામાં બાંધકામ થવાની રાહ જોઈ રહ્યું છે..?? આ તમામ બાબતો વાહનચાલકો તથા પગપાળા જતા નાગરિકોમાંથી ચર્ચાઓ થઈ રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીનાં મોટા આંકડીયા ગામનાં

સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા અભિષેકભાઈ મુકેશભાઈ કરકર નામના ૨૫ વર્ષીય ખેડૂત ગત તા. ૨ રોજ બપોરે ૩:૪૫ થી ૪ વાગ્યા દરમ્યાન પીપળલગ ગામે પીપળલગથી રીકડીયા ગામ જવાના રસ્તે નીરૂભાઈ ભુપતભાઈ વાળાની વાડી ખેતરે પોતાની ભાગવી રાખેલ વાડીએ હતા. ત્યારે જસદણ ગામે રહેતા આરોપી જનકનાથ ભગવાનનાથ તથા બાબરા ગામે રહેતા દિલાનાથ પુનાનાથ બંને તેમની મોટર સાકયલ લઈને ખેડૂતની વાડીએ આવેલ અને ખેડૂતને આરોપીએ તેના ખેતરમાં વાવેલ ડુંગળીનું વધુ ઉત્પાદન થશે તેવી વાતચિત કરી ખેડૂતને તેના લગ્ન બાબતે પુછતા ખેડૂતે પોતાના લગ્ન નહીં થયેલ હોવાનું જણાવેલ. જેથી આરોપીએ પોણા બે મહિનામાં લગ્ન થઈ જશે. તેમ કહી ખેડૂતને હાથમાં ધુળ લેવાનું કહેતા ખેડૂતે ધુળ હાથમાં લઈ આરોપીએ હાથમાં આપતા આરોપીએ હાથમાં ધુળ લઈ તાંત્રીક વિધી કરી, ધુળને જાર (જુવાર) કરી, ખેડૂતને હાથમાં આપતા ખેડૂત ઉપર તાંત્રીક વિધી કરી, ખેડૂત સુજબુજ ખોઈ બેસતા આરોપીએ ખેડૂત પાસે રહેલ પૈસા કાઢી આપવાનું કહેતા ખેડૂતે તેના ખીસ્સામાંથી રૂપિયા ૫૦૦૦ કાઢી લઈ આરોપીને હાથમાં આપી દઈ ખેડૂતને આરોપીએ તાંત્રીક વિધી કરી, ખેડૂતને લગ્ન થઈ જવાના વાયદા આપી ખેડૂત સાથે છેતરપીંડી કરી તથા આરોપી રૂપિયા ૫૦૦૦ લઈ લીધેલ હોય બંને આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

સગીરા સાથે અત્યાચાર કરાતા ફરિયાદ

૮૨૦૦ બળજબરીથી કઢાવી લીધેલ હોય તેમજ સગીરા સાથે તેણીની મર્જી વિરૂધ્ધ આજથી આશરે પંદર દિવસ પહેલા એક વખત શરીર સબંધ બાંધી ગુન્હો કર્યાની સગીરાનાં પિતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં જુનાગઢ જિલ્લાનાં ભેંસાણ તાલુકાનાં ચુડા ગામે રહેતા અફતાબ ઉર્ફે મસ્તાન શાહમદાર નામનો આરોપી સારી રીતે જાણતો હોય કે, વડીયા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી ભોગ બનાનાર સગીરવયની હોય તેમ છતા પણ આ સગીરાને સને–૨૦૨૪ની સાલમાં લલચાવી ફોસલાવી ભોગબનનારને તેની સાથે પરબધામ ખાતે ફરવા લઈ જઈ અને ત્યાં ભોગબનનારની સાથે કીસ કરી અડપલા કરી ભોગબનનારનાં આરોપીએ ફોટા પાડી લઈ ત્યારબાદ આરોપીએ ભોગબનનારને કહેલ કે તું મને પૈસા આપ નહીંતર હું તારા ફોટા વાઈરલ કરી દઈશ તેવી વાત કરી ભોગ બનનારને બ્લેકમેઈલ કરી ગુનાહીત ધમકી આપી ભોગબનનાર પાસેથી સને ૨૦૨૪થી ગત તા. ૨ સુધીમાં અલગ–અલગ સમયે રોકડમાં રૂપિયા ૬૪૦૦ તથા ગુગલ પે મારફતે રૂપિયા ૧૮૦૦ મળી કુલ રૂપિયા ૮૨૦૦ બળ જબરીથી કઢાવી લીધેલ હોય તેમજ સગીરા સાથે તેણીની મર્જી વિરૂધ્ધ આજથી આશરે પંદર દિવસ પહેલા એક વખત શરીર સબંધ બાંધી ગુન્હો કર્યાની સગીરાનાં પિતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

:: પબ્લીક નોટિસ ::

આથી આ જાહેર નોટિશ આપી જાણ કરવાની કે અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે વાવડી ગામે આવેલ ખેડ ખાતા નં. ૨૩૬, સ.નં.૨૦ (જૂનો: ૪૩૨), હે.આ.ચો.મી. ૦–૫૯–૪૨ વાળી ખેતીની જમીન **જયાબેન ઉકાભાઈ કોલડીયા** વિ. નાં કબજા વ ભોગવટાની મિલકત અમારા અસીલ **મનજીભાઈ લવજીભાઈ પીપળીયા** વિ. બિનશરતી અઘાટ વેચાણ થી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલકત સામે કોઈ પણ વાંધા–તકરાર હોય કે આ મિલકતમાં સહકારી/અર્ધસહકારી સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક,હિત,હિસ્સો, ગીરો, બોજો,અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટિશ પ્રસિધ્ધ થયાનાં દિન–૭માં સંપુર્ણ આધારા પુરાવા સાથે અમારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમા કસૂર થયે સહકારી/ અર્ધસહકારી/ સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક,હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુધ્ધ બુધ્ધીનાં ખરીદનાર તરીકે કોઈ પણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વાળગતા સર્વે એ નોંધ લેવી.

(અમારા અસીલ વતી)

કીરીટ એલ.પરવાડીયા (એડવોકેટ)
નાગનાથ કોમ્પલેક્ષ, મું. બાબરા, જિ.અમરેલી

–:: જાહેર નોટિસ ::–

આથી અમો નીચે સહી કરનાર અરવિંદ જે. ચાવડા એમ.એ. એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) રહે. ખાંભા તા.ખાંભા જી. અમરેલી તેઆથી અમારા અસીલ **શ્રી ઓડેદરા દિલીપ સાજણ** રહે. માડુતી નંદન, એરપોર્ટ રોડ, ધરમપુર, પોરબંદર ૩૬૦૫૭૫ની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે

(૧) ગુજરાત રાજયના અમરેલી જિલ્લાં ના ખાંભા તાલુકાના મોજે ગામ ખાંભાની સર્વે નં. ૭૪/૫ પૈકી ૩, હે.આરે.ચો.મી ૪–૯૨ –૩૧ **શ્રી ખુમાનસિંહ મહુભાઈ રાઠોડ** રે. ખાંભા તા. ખાંભા જી. અમરેલીના નામે નોંધાયેલ છે. તેમજ ખાંભા સર્વે નં. ૭૪/૫ પૈકી–૪, ક્ષેત્રફળ ૪–૯૨–૩૧ **બાપુસિંહભાઈ નવુભાઈ રાઠોડ** ના નામે નોંધાયેલ જમીન અમારા અસીલશ્રી ખરીદવા માંગે છે. અને તે અંગે તેઓએ અમારી પાસે આ જમીનનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/રીપોર્ટ માંગેલ છે. તો આ જમીનના વેચાણ સબંધે કોઈ પણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો હોય કે આ મિલ્કત ઉપર કોઈ પણ પ્રકારનું કોઈ પણ વ્યકિતનું કરજ, બોજો, લીયન હોય કે આ મિલ્કત ઉપર કોઈ પણ વ્યકિતનો કબજો, ભોગવટો હોય કે આ મિલ્કત ઉપર કોઈ દરદાવો કે તકરારી કેસ ચાલતો હોય કે આ મિલ્કત સબંધે કોઈનું કોઈ પણ રીતે અન્ય રીતે હિત સંકળાયેલ હોય અથવા તો આ મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટીફીકેટ આપવા સબંધે કે વેચાણ દસ્તાવેજ કરાવવા સબંધે કોઈ પણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી અમોને દિન–૧૫માં રજી.પોસ્ટથી મળી જાય તે રીતે તમામ પ્રકારના આધાર પુરાવા સાથે લેખીતમાં અમારા નીચેના સરનામે જાણ કરવી જો સંદરહું સમય દરમિયાન કોઈ પણ વ્યકિત પેઢી કે સંસ્થા દ્વારા કોઈ પણ પ્રકાર નો વાંધો કે તકરાર લેવામાં નહી આવે તો આ મિલ્કત સબંધે ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટીફીકેટ આપવા બાબતે કે વેચાણ દસ્તાવેજ કરાવવા બાબતે કોઈને વાંધો કે તકરાર નથી. અને હોય તો જતા કરેલ છે. તેમ માનીને અમો ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટીફીકેટ આપીશું અને મારા અસીલ શ્રી શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવશે જેની જાહેર જનતા એ સ્પષ્ટ નોંધ લેવી.

(અમારા અસીલ મારફત)

સ્થળ:–ખાંભા
તારીખ:–૦૭/૧૧/૨૦૨૬

અરવિંદ જે.ચાવડા – એડવોકેટ
મો નં. ૯૪૨૭૪૨૭૬૪૨
ઓફીસ: મંગલમ ચેમ્બર મું. ખાંભા, જી.અમરેલી

ભારત સરકારની સૌથી અગત્યની યોજના

લીલીયામાં પીએમ કિસાન સન્માન નિધિ યોજનામાં ચાલતી જવાબદારીની ખો–ખો અને ખેડુતોને હેરાનગતિ

જિલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજુઆત

લીલીયા, તા. ૬

પીએમ કિશાન સન્માન નિધિ યોજનાએ ભારત સરકારની સૌથી મહત્વની યોજના છે. પરંતુ તાલુકા કક્ષાએ આ યોજનાની કામગીરી કોણ કરશે તે નક્કી ન હોવાથી

લીલીયા તાલુકાનાં ખેડુતો છેલ્લા ઘણા સમયથી હેરાન થઈ રહ્યા છે. જેમાં જવાબદારીની ખો–ખો ખેતી વિભાગનાં કર્મચારીઓ મૌખિક રીતે કહે છે. કે આ કામ તલાટીમંત્રીનું છે. જયારે તલાટીકમ મંત્રીને આ અંગેનો કોઈ લેખિત સરકારી ઠરાવ, પરિપત્ર કે હુકમ મળેલ નથી મૌખિક વાત ઉપર



સરકારી કામ થતુ નથી. જો કામ તલાટીનું જ હોય તો લેખિત હુકમ બતાવવામાં આવે. ખેડુત કયા જાય ? જે ખેડુતને હમો નથી આવતો તે તલાટી પાસે જાય તો તલાટી કહે ખેતીવાડી વાળા પાસે જાવ અને ખેતીવાડી વાળા પાસે જાય તો કહે તલાટી પાસે જાવ આમ ખેડુત ફુટબોલ બની ગયો છે. આ બંધ થવુ જોઈ હાલ દિવાળીનાં તહેવારમાં સુરત અને બહાર ગામથી હજારે ખેડુતો ગામડે આવે છે. તેઓ હમા, ઈ. કેવાયસી અને નવા ફોર્મ માટે ધકકા ખાઈ છે. જો હવે તેમના કામ નહી થાય તો તેઓ પાછા જતા રહેશે. અને યોજનાનો લાભ લેવાથી વંચિત રહે. આની જવાબદારી કોની રહેશે ? તેથી જીલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજે તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરી છે.

૧૧ વર્ષની અખંડ સાધના: બાબરાના સુખપર ગામના ખેડૂત વનરાજભાઈ ઝાપડિયાએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવીને કમાલ કરી



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સુખપર ગામના પ્રગતિશીલ ખેડૂત વનરાજભાઈ છગનભાઈ ઝાપડિયા સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે એક ઝળહળતું પ્રેરણાસ્ત્રોત બન્યા છે. આજના સમયમાં જયારે રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ગંભીર નુકસાન સામે આવી રહ્યા છે, ત્યારે વનરાજભાઈએ છેલ્લા ૧૧ વર્ષથી પોતાની ૩૦ વીઘા જમીનમાં સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવીને પૃથ્વી માતાની સેવાની સાથે ઝેરમુક્ત પાક પકવવાની અનોખી સિદ્ધિ હાસલ કરી છે. તેમણે પોતાની જમીનમાં કૃષિ પાકોનું અદભુત અને વૈજ્ઞાનિક આયોજન કર્યું છે, જેમાં ૧૦ વીઘામાં મગફળી, ૫ વીઘામાં લીંબુ, ૪ વીઘામાં કપાસ અને મરચી તેમજ અડધા–અડધા વીઘામાં હળદર અને મગનું મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. ખાસ કરીને મરચી જેવા સંવેદનશીલ પાકમાં, જયાં સામાન્ય રીતે રોગ–જીવાતનું પ્રમાણ ખૂબ વધારે હોય છે, ત્યાં પણ કોઈ પણ જાતની રાસાયણિક દવાના છંટકાવ વિના લહેરાતો તેમનો તંદુરસ્ત પાક જોનારાઓ માટે આશ્ચર્યનો વિષય બન્યો છે. શુદ્ધતા, સ્વાદ અને ગુણવત્તામાં શ્રેષ્ઠ એવા આ પાકનું વનરાજભાઈ પોતે જ સીધું વેચાણ કરીને વચેટિયાઓ મુક્ત બજાર વ્યવસ્થા દ્વારા ઉચ્ચ આર્થિક નફો પણ મેળવી રહ્યા છે. આ પ્રાકૃતિક અભિયાનને વધુ સઘન અને આત્મનિર્ભર બનાવવા માટે વનરાજભાઈ ૧૦ ગાયોનું ગૌપાલન કરે છે. કૃષિ અને પશુપાલનનો ઉત્તમ સમન્વય કરીને તેમણે પોતાના ઘરે જ વર્મીકમ્પોસ્ટ (અળસિયાનું ખાતર) યુનિટ અને બાયોગેસ પ્લાન્ટ સ્થાપ્યા છે, જેનાથી ખેતી માટેનું અમૃત સમાન શુદ્ધ ખાતર તેમને ઘરઆંગણે જ મળી રહે છે. વનરાજભાઈની સૌથી પ્રશંસનીય અને સેવાકીય બાબત એ છે કે તેઓ માત્ર પોતાની પ્રગતિ પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ તેમની કોઠાસૂઝ, સામાજિક વિચારસરણી અને સક્રિય માર્ગદર્શનથી આજે સુખપર ગામના આશરે ૧૫૦ જેટલા ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ ધમધમતા થયા છે. પશુપાલન અને પ્રાકૃતિક ખેતીના આ સામૂહિક સમન્વયથી આખું ગામ આર્થિક અને પર્યાવરણીય રીતે સમૃદ્ધ થઈ રહ્યું છે. પોતાનીમહેનતથી ધરતીને નંદનવન બનાવનાર વનરાજભાઈએ સાબિત કરી બતાવ્યું છે કે, જો મક્કમ નિર્ધાર હોય તો પ્રાકૃતિક ખેતીથી ખેડૂત પણ આર્થિક રીતે સદ્ધર બને છે અને સમાજને પણ રોગમુક્ત, સુધામય આહાર પૂરો પાડી શકાય છે.

કર્ણાટકના મંત્રીએ પોલ ખોલી નાખી

પેટ્રોલમાં ઈથેનોલની માત્રા ૩૧ ટકાથી વધારે નીકળી

કર્ણાટકના કેબિનેટ મંત્રી રિઝવાન અહમદે કહ્યું કે, મુખ્ય તેલ કંપનીઓ નિર્ધારિત ૨૦ ટકાની મર્યાદાથી વધારે ઈથેનોલ ભેળવી રહી છે

બેંગલુરુ, તા.૬

ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર ફરી એક વાર હોબાળો થતો દેખાઈ રહ્યો છે. કર્ણાટકના મંત્રી રિઝવાન અહમદે મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે કર્ણાટકના સાત જિલ્લામાંથી E20 પેટ્રોલના કૂલ ૬૩ સેમ્પલ લીધા હતા. લેબમાં જ્યારે આ સેમ્પલની તપાસ કરી તો ઈથેનોલની માત્રા ૩૧.૨ ટકા મળી આવી. હવે કર્ણાટક સરકારના મંત્રીએ પેટ્રોલમાં ઓવર-બ્લેંડિંગને લઈ કેન્દ્ર સરકાર અને તેલ કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠાવી છે.

કર્ણાટકના કેબિનેટ મંત્રી રિઝવાન અહમદે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, મુખ્ય તેલ કંપનીઓ નિર્ધારિત ૨૦ ટકાની મર્યાદાથી વધારે ઈથેનોલ ભેળવેલું પેટ્રોલ વેચી રહી છે અને પેટ્રોલાન નમૂનાની તપાસમાં ઈથેનોલની માત્રા ૩૧.૨ ટકા જોવા મળી છે. રાજ્ય સરકારે કંપનીઓ વિરુદ્ધ કાર્યવાહીની માગ કરી છે. પીટીઆઈના અનુસાર,ખાદ્ય નાગરિક સપ્લાય, ગ્રાહક બાબતો અને વિધિક માપ વિજ્ઞાન મંત્રી રિઝવાન અરશદે એક પ્રેસ નોટમાં કહ્યું કે, આ આરોપ બેંગલુરુ, કોલાર, ચિક્કબલ્લાપુર, બેંગલુરુ ગ્રામિણ, રામનગર, મંગલુરુ અને તુમકુરમાંથી લેવામાં આવેલા પેટ્રોલના નમૂનાની તપાસ અને આઈએસઓ પ્રમાણિત શ્રીરામ રિસર્ચ ઈંસ્ટીટ્યૂટ, બેંગલુરુ તરફથી જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ઈન્ડિયન ઓયલ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના નમૂનામાં ઈથેનોલની માત્રા ક્રમશઃ ૩૧.૨ ટકા અને ૩૦.૫ ટકા નોંધાઈ છે.

મંત્રીના જણાવ્યા અનુસાર, પરિણામમાં એચપી સીએલના પેટ્રોલમાં ઈથેનોલની માત્રા ૨૭ ટકા, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના સ્પીડ પેટ્રોલમાં ૨૬.૫ ટકા, નાયરાના પેટ્રોલમાં ૨૬.૧ ટકા, અને શેલના પેટ્રોલમાં ૨૫.૫ ટકા જોવા મળી છે. બીપીસીએલના બે અન્ય સેમ્પલમાં ઈથેનોલની માત્રા ક્રમશઃ ૨૪.૨ ટકા અને ૨૨.૬ ટકા, એચપીસીએલના એક અન્ય સેમ્પલમાં ૨૨.૪ ટકા અને આઈઓસીએલના એક અન્ય સેમ્પલમાં ૨૦.૮ ટકા નોંધાઈ છે. મોટર સ્પિરિટ કેટેગરીના બાકી નમૂનામાં નાયરાના પેટ્રોલમાં ઈથેનોલની માત્રા ૨૦.૬ ટકા, બીપીસીએલના એક સેમ્પલમાં ૧૯.૯ ટકા જોવા મળી છે. મંત્રીએ કહ્યું કે, મુખ્ય ઈંધણ કંપનીઓમાંથી લેવામાં આવેલા સેમ્પલની તપાસમાં ઈથેનોલની માત્રા ૨૦ ટકાથી વધારે જોવા મળી અને આઈઓસીએલ તથા એચપી સીએલના સેમ્પલમાં આ માત્રા ક્રમશઃ ૩૧.૨ ટકા અને ૩૦.૫ ટકા નોંધાઈ છે. સરકારે તેના માટે વાહનોની માઈલેજ ઓછી થવા અને ફિલ્ટર, ઈંધણ પંપ, ઈંજેક્ટર, હોજ તથા સીલ સહિત વાહનોના પાર્ટ્સને સંભવિત નુકસાન થવાનો હવાલો આપ્યો છે.

ભારતમાં રહેલા ૩૫ કરોડ વાહનોમાંથી ૯૯ ટકા વાહનો ૨૦ ટકાથી વધારે ઈથેનોલ મિશ્રણવાળા ઈંધણથી ચાલવા માટે લાયક નથી. ભારત સરકારે ગ્રાહકોને આપતા પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણના વાસ્તવિક ટકાવારી વિશે જાહેરમાં સ્પષ્ટીકરણ આપવું જોઈએ.

ઇઝરાયેલના રાજકારણમાં મોટો ઉલટફેર

આઈઝનકોટને ૬૭ સાંસદોનું સમર્થન, નેતન્યાહૂ ૪૬ પર અટક્યા

૧૨૦ સભ્યોની નેસેટમાં બહુમતીનો આંકડો પાર કરવા છતાં સરકાર રચવાનો માર્ગ મુશ્કેલ; અનેક સમર્થક પક્ષો મંત્રીમંડળમાં જોડાવા તૈયાર નથી

તેલ અવીવ, તા. ૬

ઈઝરાયેલના રાજકારણમાં નાટ્યાત્મક વળાંક આવ્યો છે. લાંબા સમયથી સત્તા પર રહેલા વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે યશાર પક્ષના નેતા ગાદી આઈઝનકોટને બહુમતી સાંસદોનું સમર્થન મળતાં રાજકીય સમીકરણો બદલાયાં છે. દેશની ૧૨૦ સભ્યોની નેસેટમાં આઈઝનકોટને ૬૭ સાંસદોનું સમર્થન મળ્યું છે, જ્યારે નેતન્યાહૂ માત્ર ૪૬ સાંસદોના સમર્થન સુધી સીમિત રહ્યા છે. જોકે, આઈઝનકોટ માટે બહુમતીનું સમર્થન હોવા છતાં સરકાર રચવાનો માર્ગ સરળ જણાતો નથી.

ઈઝરાયેલના પ્રમુખ આઈઝેક હર્ઝોગ સમક્ષ વિવિધ રાજકીય પક્ષો સાથે યોજાયેલી બેઠકો અને પરામર્શ દરમિયાન આઈઝનકોટને વડાપ્રધાન પદ માટે આગળ કરવાની ભલામણ કરવામાં આવી હતી. ૧૨૦ સભ્યોની સંસદમાં સરકાર રચવા માટે ૬૧ સાંસદોના સમર્થનની જરૂરિયાત હોય છે. આઈઝનકોટને મળેલું ૬૭ સાંસદોનું સમર્થન આ આંકડા કરતાં વધુ છે. તેમ છતાં સમર્થન આપનારા કેટલાક પક્ષો સરકારમાં સીધા જોડાવા તૈયાર ન હોવાથી ગઠબંધન રચવાનું પડકારજનક બન્યું છે. પ્રમુખના નિવાસસ્થાને પ્રથમ તબક્કાની બેઠકો પૂર્ણ થયા બાદ આઈઝનકોટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકાર રચવા માટે પ્રમુખ સમક્ષ થયેલી ભલામણોમાં તેમને પૂર્ણ બહુમતીનો ટેકો મળ્યો છે. તેમનો હેતુ દેશને સુરક્ષા અને સ્થિરતા તરફ પાછો લઈ જવા માટે રાષ્ટ્રીય કટોકટીની સરકાર રચવાનો છે. આઈઝનકોટે સ્વીકાર્યું હતું કે બહુમતી સાંસદોનું સમર્થન મળ્યા બાદ પણ સરકાર રચવા માટેનો માર્ગ લાંબો છે. તેમણે ગઠબંધન રચવા માટે દૃઢ નિશ્ચય વ્યક્ત કર્યો હતો. બીજી તરફ, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ માટે આ રાજકીય ઘટનાક્રમ મોટો ફટકો માનવામાં આવે છે. તેમને ૫૩ સાંસદોનું સમર્થન મળવાની આશા હતી, પરંતુ અંતે માત્ર ૪૬ સાંસદોનું સમર્થન મળ્યું હતું.

નેતન્યાહૂના પરંપરાગત સાથી પક્ષ યુનાઈટેડ તોરાહ જુડેઈઝમે આ વખતે કોઈપણ નેતાને સમર્થન આપવાની ભલામણ કરવાનો ઈનકાર કર્યો હતો. આ પક્ષના નિર્ણયથી નેતન્યાહૂના રાજકીય સમીકરણો ખોરવાયા હોવાનું માનવામાં આવે છે.

આ સમગ્ર ઘટનાક્રમમાં આરબ આગેવાની હેઠળની જોઈન્ટ લિસ્ટ પાર્ટીનું સમર્થન પણ મહત્ત્વનું રહ્યું છે. અગાઉ આ પક્ષ કોઈપણ નેતાને સમર્થન આપવાથી દૂર રહે તેવી શક્યતા હતી, પરંતુ ગુરુવારે યોજાયેલી બેઠકમાં સર્વાનુમતે આઈઝનકોટના નામની ભલામણ કરવાનો નિર્ણય લેવાયો હતો. પક્ષના અધ્યક્ષ યુસેફ જબારીને જણાવ્યું હતું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય નેતન્યાહૂને સત્તા પરથી દૂર રાખવાનો છે. આ નિર્ણયથી આઈઝનકોટને સાંસદોના સમર્થનના આંકડામાં નોંધપાત્ર મજબૂતી મળી છે.

આઈઝનકોટને ૬૭ સાંસદોનું સમર્થન મળ્યું હોવા છતાં સરકાર રચવામાં મુખ્ય અવરોધ ગઠબંધનના સ્વરૂપનો છે. તેમને ટેકો આપનારા કેટલાક પક્ષો મંત્રીમંડળમાં સ્થાન મેળવવા કે સરકારમાં સીધા ભાગીદાર બનવા તૈયાર નથી. તેથી માત્ર સાંસદોની ભલામણના આધારે સ્થિર સરકાર રચવી મુશ્કેલ બની શકે છે. હવે તમામની નજર આગામી રવિવારે લેવાયાનારા અંતિમ નિર્ણય પર છે. આઈઝનકોટને સરકાર રચવાનું આમંત્રણ મળે છે કે નહીં અને તેઓ સમર્થક પક્ષોને સાથે રાખીને ગઠબંધન રચવામાં સફળ થાય છે કે નહીં તે ઇઝરાયેલના રાજકારણની આગામી દિશા નક્કી કરશે.

સૂર્યકુમાર યાદવ સાથેનો વીડિયો કર્યો શેર

નાનકડી બાળકીના કંઠે ગણેશ વંદના સાંભળી PM મોદી પણ થયા પ્રભાવિત

કન્નડ ભાષામાં મધુર સ્વરે ગાયું ભગવાન ગણેશનું સ્તુતિગાન; પૂર્વ T૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ વીડિયોમાં જોવા મળ્યા

નવી દિલ્હી, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક સુંદર વીડિયો શેર કર્યો છે, જે હાલ લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. વીડિયોમાં એક નાનકડી બાળકી કન્નડ ભાષામાં મધુર સ્વરે ભગવાન ગણેશની ગણેશ વંદના ગાતી જોવા મળે છે. બાળકીના ભક્તિભાવથી ભરપૂર સ્તુતિગાનથી પ્રભાવિત થઈ વડાપ્રધાન મોદીએ આ વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યો છે. ખાસ વાત એ છે કે આ વીડિયોમાં ભારતીય T20 ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ જોવા મળે છે. વડાપ્રધાન મોદીએ વીડિયો શેર કરતાં દીપાવલીના પર્વનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, 'દીપાવલીના માહોલમાં રામ અને સરયુનું આગમન થયું છે. તેનાથી દીપાવલીનું વાતાવરણ વધુ પવિત્ર અને દિવ્ય બની ગયું છે.' આ સાથે તેમણે સૂર્યકુમાર યાદવના સોશિયલ મીડિયા એકાઉન્ટને પણ ટેગ કર્યું હતું.

વીડિયોમાં બાળકી ભગવાન ગણેશની મહિમાનું વર્ણન કરતું સુંદર ભક્તિગીત ગાય છે. કન્નડ ભાષામાં ગવાયેલા આ ગીતમાં 'વિઘ્નનાશક વિનાયક' અને 'વિવેકદાયક' જેવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભગવાન ગણેશને ભક્તોનાં વિઘ્નો દૂર કરનારા અને બુદ્ધિ તથા વિવેક આપનારા દેવતા તરીકે બિરદાવવામાં આવ્યા છે. ગીતમાં ભગવાન ગણેશના રત્નજડિત મુગટ અને આભૂષણોથી શોભતા દિવ્ય સ્વરૂપનું પણ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. બાળકી વારંવાર ભગવાન ગણેશને પધારવાનું આમંત્રણ આપતી જોવા મળે છે. તેના મધુર અવાજ અને ભક્તિભાવથી ભરપૂર રજૂઆત વીડિયોને વિશેષ બનાવે છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય T20 ટીમના પૂર્વ કેપ્ટન સૂર્યકુમાર યાદવ તાજેતરમાં પોતાના પરિવાર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમની પત્ની દેવિશા શેટ્ટી અને પુત્રી ઋદ્ધિમા પણ ઉપસ્થિત હતાં. સૂર્યકુમાર અને દેવિશા ૭ મે, ૨૦૨૬ના રોજ માતા-પિતા બન્યાં હતાં. ત્યારબાદ તેમણે પોતાની પુત્રીનું નામ ઋદ્ધિમા રાખ્યું હતું.હાલ વડાપ્રધાન દ્વારા શેર કરવામાં આવેલા આ વીડિયોએ સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચ્યું છે અને નાનકડી બાળકીની ગણેશ વંદનાની ચર્ચા થઈ રહી છે.

૧૫ દિવસનો એડવાન્સ પગાર ચૂકવવાનો નિર્ણય

દિવાળી પહેલા GSRTC કર્મચારીઓને મોટી ભેટ

અમદાવાદ, તા.૬

ST નિગમની મધ્યસ્થ હિસાબી શાખા, અમદાવાદ દ્વારા આ અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો લાભ નિગમમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને મળશે. તેમાં ફિક્સ પગારના કર્મચારીઓ તેમજ પાર્ટ ટાઈમ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. પરિપત્ર મુજબ નવેમ્બર-૨૦૨૬ના ડિસેમ્બર-૨૦૨૬માં ચૂકવવાના પગારમાંથી ૧૫ દિવસનો એડવાન્સ પગાર આપવામાં આવશે. આ રકમની ગણતરી મોંઘવારી ભથ્થાના એરિયર્સ સિવાયના કુલ નેટ પગારના આધારે કરવામાં આવશે.

નિગમ દ્વારા કર્મચારીઓને ૧૫ દિવસનો એડવાન્સ પગાર ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ચૂકવી દેવાની સૂચના આપવામાં આવી હતી. આ માટે જરૂરી એક્સેલ શીટ તૈયાર કરીને GSRTCના એકાઉન્ટ ઓફિસર્સના વોટ્સએપ ગ્રુપમાં મોકલવામાં આવી હતી. સંબંધિત અધિકારીઓને ઓડિટ કર્યા બાદ ચુકવણી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નિવૃત્ત થયેલા અથવા નિગમમાંથી છૂટા થયેલા કર્મચારીઓને આ એડવાન્સ પગારનો લાભ આપવાનો નથી. આ અંગે ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. કર્મચારીઓને આપવામાં આવનારા ૧૫ દિવસના એડવાન્સ પગારની રકમ આગામી નવેમ્બર-૨૦૨૬ના મુખ્ય પગાર બિલમાં સરભર કરી લેવામાં આવશે. આ નિર્ણયથી GSRTCના હજારો અધિકારીઓ અને કર્મચારીઓને દિવાળીના તહેવાર દરમિયાન આર્થિક રાહત મળશે અને તેઓ પરિવાર સાથે તહેવારની ઉજવણી વધુ સારી રીતે કરી શકશે.

અમરેલી : પરજીયા સોની સમાજનું ગૌરવ

અમરેલી, તા. ૬

તાજેતરમાં ડો. બાબા આંબેડકર ઓપન યુનિર્વસિટીમાં અંગ્રેજી વિષય માં પીએચડીમાં એડમિશન મેળવવા બદલતેમજ ૩૧ ઓકટોબર ૨૦૨૬ના રાષ્ટ્રિય એકતા દિવસની પરેડમાં સાંસ્કૃતિક વિભાગ (કથક)માં ભાગ લેવા બદલ કિરણભાઈ નાંઢાની સુપુત્રી રિંકુ નાંઢાને પૂર્વકેન્દ્રિય મિનિસ્ટર અને લોકસભા સાંસદ (રાજકોટ) પરષોત્તમભાઈ રૂપાલા અને જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ દિનેશભાઈ પોપટે અભિનંદ આપી આશીર્વાદ પાઠવ્યા.



અમરેલી : ખેડૂતો માટે ખાસ કૃષિ એડવાઈઝરી જાહેર કરાઈ

અમરેલી, તા. ૬

વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વૈશ્વિક સ્તરે પ્રવર્તમાન 'અલ નીનોની અસરના કારણે ચોમાસાના વરસાદમાં અનિયમિતતા અને જળાશયોમાં પૂરતા પાણીની ખેંચ જોવા મળી છે. આ બદલાતી આબોહવા અને પિયત પાણીની અછતની સ્થિતિમાં ખેડૂતોને પોતાના ખેતરમાં ઉપલબ્ધ પિયતના સ્ત્રોત મુજબ રવિ પાકોનુંયોગ્ય આયોજન અને વાવેતર કરવા માટે ખાસ સલાહ આપવામાં આવી છે.

ખેડૂતો માટે જાહેર કરાયેલી ખાસ સાવચેતીઓમાં જણાવ્યા અનુસાર, ખરીફ પાકની લણણી બાદ રવિ પાકોના વાવેતર માટે સમયસર જમીન તૈયાર કરવી, જેથી જમીનમાં રહેલા ભેજનો મહત્તમ લાભ લઈ શકાય. વાવણી પહેલાં બિયારણને ભલામણ કરેલ ફૂગનાશક તેમજ કીટનાશક દવાઓનો પટ આપવો અને રાઈઝોબિયમ કે પીએસબી જેવા જૈવિક ખાતરોનો ઉપયોગ કરવો હિતાવહ છે. આ ઉપરાંત વાવણી વખતે બીજનો દર ૧૫ થી ૨૦ ટકા વધારવો અને બે હાર વચ્ચેનું અંતર ઘટાડવું, જેથી એકમ દીઠ છોડની સંખ્યા જાળવી શકાય. હવામાન વિભાગની આગાહી અને કૃષિ યુનિવર્સિટીઓની ભલામણ મુજબ જ વાવણી અને પિયતનું આયોજન કરવું, તેમજ ખુલ્લા ધોરિયાથી પિયત આપવાના બદલે ટપક પદ્ધતિ અપનાવવી જેથી ૩૫% થી ૫૦% સુધી પાણીની બચત થઈ શકે. વધુમાં, જમીનમાં ભેજ જાળવી રાખવા માટે પાકના અવશેષોનું મલ્ચિંગ કરવું, પિયત બાદ વરાપ થયે હળવી આંતરખેડ કરવી તેમજ જમીનની ભેજધારણ ક્ષમતા વધારવા માટે સેન્દ્રિય ખાતરોનો વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે.

આ યાદીમાં રવિ ઋતુના મુખ્ય પાકો અને તેની ભલામણ કરેલી સુધારેલી જાતોની વિગતો પણ દર્શાવવામાં આવી છે. જેમાં ચણા માટે ગુજરાત ચણા ૧, ૨, ૫, ૭, ૮, ૧૪૧૪ અનેગુજરાત ચણા ૬ (બિનપિયત) અને જુનાગઢ ચણા-૩, ૬; રાયડો માટે ગુજરાત રાયડો-૭, ૮ અને જી.ડી.એમ-૪; જીરૂ માટે ગુજરાત જીઢં-૪; ધાણા માટે ગુજરાત ધાણા-૪; વાલ/પાપડી માટે જી.એન.આઈ.બી.-૨૧ અને ગુ. વાલ-૨; તથા ચોળા માટે ગુ. શાકભાજી ચોળી ૯ નું વાવેતર કરવા જણાવાયું છે. જયારે ઘાસચારાના પાકોમાં રજકો માટે આણંદ-૨, ઓટ માટે કેન્ટ, જુવાર માટે જી.એફ. એસ.-૫, ૬, ૭, સી.એસ. વી.-૨૧ એફ અને ૪૬ એફ તેમજ મકાઈ માટે ગુજરાત આણંદ પીળી મકાઈ સંકર-૩, આફ્રિકન ટોલ અને આણંદ ટોલની પસંદગી કરવા ભલામણ છે. આ ઉપરાંત અન્ય પાકો જેવા કે સુવા માટે જી.એડી.-૧, જી.ડી.-૩; મગ માટે સીઓ ૪; અડદ માટે જી.યુ.-૨, ૩, ૪; અજમો માટે ગુજરાત અજમો ૨, ૩ અને રાજગરો માટે જી.એ.-૫, ૬ જાતોનું આયોજન કરવા સૂચવ્યું છે.

ખેડૂતોએ વધુ માહિતી કે સંપર્ક માટે પોતાના વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી અથવા તાલુકા/જિલ્લા ખેતીવાડી કચેરીનો સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

૭ નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ, 'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં

અમરેલી, તા. ૬

કેન્સર નિવારણ અને વહેલી તકે તપાસ અંગે જાગૃતિ લાવવા 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ' દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત ૧૯૭૫માં દેશમાં કેન્સરની સારવારની સુવિધાનાં હેતુથી કરવામાં આવી હતી. 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ કયુરીની જન્મજયંતિએ ૭ નવેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે. તમાકુ અથવા ગુટખાનાં લાંબા ગાળાનાં સેવન, સિગારેટ પીવી, દારૂ પીવો, લાંબા સમય સુધી રેડિયેશનનાં સંપર્કમાં રહેવું, આનુવંશિક ખામી, શારીરિક નિષ્ક્રિયતા, નબળું પોષણ અને કેટલીકવાર મેદસ્વીપણું પણ કેન્સરનું કારણ બની શકે છે. સતત ખાંસી અને ગળું બેસી જવું, ત્વચાનાં રંગમાં ફેરફાર, વારંવાર લોહી આવવું, શરીરમાં દુખાવા થવા, સ્ટુલમાં લોહી, યુરીનમાં ફેરફાર વગેરે તેના લક્ષણો છે. કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે.ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળે છે જેના કારણે ત્યાં 'કેન્સર ટ્રેન' પણ ચલાવવામાં આવે છે. આ પાછળનું કારણે જમીન અને પાણીનું સતત થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંક ફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી ! લાંબાગાળે માંસાહારની આદત



શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણખાસ્સું વધારે હોવાથી હેલ્થ એકસપટર્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે.

શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે 'પંચગવ્ય ચિકિત્સા'ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટયાનાં ઘણા દાખલા છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. 'આયુર્વેદ' ભારતની સંસ્કૃતિ છે. આજે સમગ્ર વિશ્વએ આયુર્વેદનો સ્વીકાર કર્યો છે. ચરક ઋષિનું 'ચરક સંહિતા' અને સુશ્રુત ઋષિનું 'સુશ્રુત સંહિતા' ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે.

કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે.

મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

૧૨૦ કિમી સુધી હાઈવે જામ, ૧,૫૦૦થી વધુ ટ્રકો અટવાઈ

દિવાળીના તહેવારોમાં ખેડૂતોનું ઉગ્ર આંદોલન

શેરડીના પ્રતિ ટન રૂ. ૪,૫૦૦ ભાવની માંગ સાથે રાજુ શેટ્ટીના નેતૃત્વમાં ચક્કાજામ : પૂણે-બેંગલુરુ NH-૪૮ પર ટ્રાફિક ઠપ્પ

મુંબઈ, તા.૬

દિવાળીના તહેવારો દરમિયાન જ મહારાષ્ટ્રમાં શેરડીના ભાવને લઈને ખેડૂતોનું આંદોલન ઉગ્ર બન્યું છે. પૂર્વ સાંસદ રાજુ શેટ્ટીના નેતૃત્વમાં ખેડૂતો દ્વારા શેરડીના પ્રતિ ટન રૂ. ૪,૫૦૦ ભાવની માંગ સાથે શરૂ કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનને પગલે પૂણે-બેંગલુરુ નેશનલ હાઈવે NH-48 પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. સતત ત્રીજા દિવસે પણ હાઈવે પર ચક્કાજામની સ્થિતિ યથાવત્ રહેતાં સતારાથી કોલ્હાપુર સુધી આશરે ૧૨૦ કિલોમીટર વિસ્તારમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે.

ખેડૂતોના આંદોલનને કારણે નાગઠાણેથી કોલ્હાપુરના સાંગલી ફાટા સુધીના હાઈવે પર વાહનવ્યવહારને ગંભીર અસર પહોંચી છે. હાઈવે બંધ રહેતાં ભારે વાહનો રસ્તા પર જ અટવાઈ ગયા છે. નાના વાહનોને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવતાં ગ્રામ્ય રસ્તાઓ અને બાયપાસ પર પણ ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. દિવાળીના તહેવાર નિમિત્તે પોતાના વતન તરફ જઈ રહેલા પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બાળકો, વૃદ્ધો અને પરિવાર સાથે મુસાફરી કરતા લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ રહ્યા છે. હાઈવે પર વાહનોની લાંબી કતારોને કારણે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (MSRTC)ની બસ સેવા પણ પ્રભાવિત થઈ છે. દરરોજ આશરે ૧૦૦ બસ ટ્રીપ રદ કરવાની ફરજ પડી છે.

આંદોલનની અસર માત્ર મુસાફરો પૂરતી મર્યાદિત રહી નથી. અનાજ, શાકભાજી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓ લઈ જતી ૧,૫૦૦થી વધુ ટ્રકો હાઈવે પર અટવાઈ હોવાનું ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા જણાવાયું છે. ટ્રકો લાંબા સમય સુધી અટવાઈ રહેતાં પરિવહન વ્યવસાયને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. જો સ્થિતિ લાંબા સમય સુધી યથાવત્ રહેશે તો દૂધ, શાકભાજી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા પર અસર થવાની ભીતિ છે.

સ્વાભિમાની શેતકરી સંગઠન દ્વારા શેરડીના પ્રતિ ટન રૂ. ૪,૫૦૦ ભાવની માંગ કરવામાં આવી રહી છે. સંગઠને ચેતવણી આપી છે કે સરકાર અને ખાંડ કારખાનાના માલિકો દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. રાજુ શેટ્ટીએ મુંબઈ અને પૂણેમાં દૂધ તથા શાકભાજીનો પુરવઠો રોકવાની ચીમકી પણ આપી છે. બીજી તરફ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું છે કે સરકાર શેરડી માટે વાજબી અને મહેનતાણું કિંમત (FRP) નક્કી કરે છે, જ્યારે તેનાથી વધારાના ભાવ અંગે ખેડૂતો અને ખાંડ કારખાનાના માલિકો વચ્ચે ચર્ચા થવી જોઈએ. તેમણે મંત્રી હસન મુશરીફને તમામ સંબંધિત પક્ષો સાથે ચર્ચા કરીને વિવાદનો વહેલી તકે ઉકેલ લાવવા સૂચના આપી છે.

હાલમાં ખેડૂતોની માંગ અને સરકાર વચ્ચેની મડાગાંઠને કારણે હાઈવે પર સામાન્ય જનજીવન ખોરવાયું છે. દિવાળીના તહેવારો વચ્ચે આ આંદોલનનો ઉકેલ ક્યારે આવશે તેના પર સૌની નજર છે.

અનામત અંગે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

ક્રીમી લેયર નક્કી કરવામાં માતા-પિતાનો પગાર નહીં ગણાય

સુપ્રીમે આ મામલે કેન્દ્ર સરકારની સુધારા અરજી ફગાવી

નવી દિલ્હી, તા.૬

અન્ય પછાત વર્ગ (OBC)ના અનામતને લઈને સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. ક્રીમી લેયર નક્કી કરવાની પ્રક્રિયામાં માતા-પિતાના પગારમાંથી થતી આવકને ગણતરીમાં લેવામાં નહીં આવે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકારની સુધારા અરજી ફગાવી દીધી છે. આ નિર્ણયથી ઓબીસી અનામતનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારો માટે મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા થઈ છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે OBC ક્રીમી લેયરનું નિર્ધારણ માત્ર પરિવારની આવકના આધારે કરી શકાય નહીં. તેના બદલે માતા-પિતાના સરકારી હોદ્દા અને નોકરીની સ્થિતિને ધ્યાનમાં લેવી પડશે. અર્થાત્, ક્રીમી લેયર નક્કી કરવામાં આવક કરતાં સામાજિક અને સેવા સંબંધિત સ્થિતિને મહત્ત્વ આપવામાં આવશે. ખાસ કરીને સરકારી કર્મચારીઓના હોદ્દા અને સેવાની શ્રેણીનું મૂલ્યાંકન કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સુધારા અરજી દાખલ કરીને અગાઉના ચુકાદાને જૂની તારીખથી લાગુ ન કરવાની માગ કરી હતી. સરકારની દલીલ હતી કે જો આ નિર્ણયને વર્ષ ૨૦૧૨થી લાગુ કરવામાં આવે તો અગાઉ થયેલી સરકારી નિમણૂકો, IAS, IPS અને IFS અધિકારીઓની સર્વિસ એલોકેશન તથા સિનિયોરિટી પર અસર પડી શકે છે. પરંતુ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની આ અરજી ફગાવી દીધી હતી. સાથે જ ચુકાદો પૂર્વવર્તી અસરથી લાગુ નહીં થાય તેવી સ્પષ્ટતા કરી હતી.

OBC વર્ગના સામાજિક અને આર્થિક રીતે સક્ષમ પરિવારોને ક્રીમી લેયરમાં રાખવામાં આવે છે. આવા પરિવારોનાં સંતાનોને OBC અનામતનો લાભ મળતો નથી. હાલમાં ક્રીમી લેયર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૮ લાખ છે. જોકે, સુપ્રીમ કોર્ટની સ્પષ્ટતા મુજબ માતા-પિતાના પગાર અને ખેતીની આવકને આ મર્યાદાની ગણતરીમાં સામેલ કરવાની બાબત નિયમો મુજબ અલગ રીતે જોવાની રહેશે.

આ નિર્ણયથી OBC ઉમેદવારો માટે ક્રીમી લેયરની પાત્રતા નક્કી કરવામાં માતા-પિતાના હોદ્દા અને આવક વચ્ચેનો તફાવત સ્પષ્ટ થયો છે. ખાસ કરીને સરકારી નોકરી ઉપરાંત PSU અને ખાનગી ક્ષેત્રમાં કામ કરતા માતા-પિતાનાં સંતાનો માટે આ ચુકાદો મહત્ત્વપૂર્ણ છે. નોંધનીય છે કે માત્ર માતા-પિતાનો પગાર રૂ.૮ લાખથી વધુ હોવાથી કોઈ ઉમેદવાર આપોઆપ ક્રીમી લેયરમાં આવી જતો નથી. અંતિમ પાત્રતા લાગુ પડતા સરકારી નિયમો અને માતા-પિતાની સેવા સંબંધિત સ્થિતિના આધારે નક્કી થાય છે.

'વોટ ગયો તો સરકારી હક પણ જશે?'

સરકારી યોજનાઓમાં વોટર આઈડી ફરજિયાત કરવાના મુદ્દે રાહુલ ગાંધીના કેન્દ્ર સરકાર પર આક્ષેપ

આધાર કાર્ડના બદલે EPIC નંબર અને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનની જાહેરાત સામે કોંગ્રેસનો વિરોધ

નવી દિલ્હી, તા. ૬

સરકારી કલ્યાણકારી યોજનાઓના લાભ મેળવવા માટે વોટર આઈડી (EPIC) કાર્ડનો ઉપયોગ ફરજિયાત કરવાના મુદ્દે રાજકીય વિવાદ ઊભો થયો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારના આ નિર્ણય સામે સવાલો ઉઠાવી તેને મોટું ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) મારફતે મતદાર યાદીમાંથી નામો દૂર કરવાની પ્રક્રિયા અને સરકારી યોજનાઓના લાભને વોટર આઈડી સાથે જોડવાની જાહેરાત વચ્ચે સંબંધ હોઈ શકે છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે SIRની પ્રક્રિયા હેઠળ લાખો લોકોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યાં છે. તેમના મતે, ખાસ કરીને સરકારથી નારાજ લોકોનાં નામો નિશાન બનાવીને દૂર કરવામાં આવી રહ્યાં હોવાની આશંકા છે. તેમણે કહ્યું હતું કે જે નાગરિકનું મતદાર યાદીમાંથી નામ દૂર થશે તે મતદાનના અધિકારથી વંચિત થઈ શકે છે અને જો સરકારી યોજનાઓના લાભ માટે પણ વોટર આઈડી જરૂરી બનશે તો તેના અન્ય અધિકારો પર પણ અસર થઈ શકે છે. કોંગ્રેસ નેતાએ ભારતીય ચૂંટણી પંચ પર ભાજપ સાથે મિલીભગત હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નિશાન બનાવતાં તેમણે મતદાર યાદીની નિષ્પક્ષતા અંગે સવાલો ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, મતદાર યાદીમાં નામ હોવું કે ન હોવું એ હવે માત્ર મતદાન પૂરતો મુદ્દો નહીં રહે, પરંતુ સરકારી કલ્યાણકારી યોજનાઓના લાભ મેળવવા સાથે પણ જોડાઈ શકે છે. જોકે, ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર તરફથી આ આક્ષેપો અંગેની સત્તાવાર પ્રતિક્રિયા આ અહેવાલમાં ઉપલબ્ધ નથી.

રાહુલ ગાંધીએ આશંકા વ્યક્ત કરી હતી કે જો આ વ્યવસ્થા આગળ વધશે તો આગામી સમયમાં રાશન, સામાજિક સુરક્ષા પેન્શન, મનરેગાની મજૂરી, આવાસ સહાય, શિષ્યવૃત્તિ અને અનામત જેવી સુવિધાઓ માટે પણ ચૂંટણી કાર્ડ ફરજિયાત બનાવવામાં આવી શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મતદાન કરવું નાગરિકનો અધિકાર છે, કોઈ સરકારી યોજનાનો લાભ મેળવવા માટેની શરત નહીં. ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના પેન્શન કે અન્ય લાભોને ચૂંટણી કાર્ડ સાથે બાંધી શકાય નહીં.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ (લલ્લન સિંહ) દ્વારા પંચાયતી રાજ મંત્રાલયની યોજનાઓના લાભાર્થીઓની ઓળખ માટે આધાર કાર્ડના બદલે મતદાર ફોટો ઓળખપત્ર એટલે કે EPIC નંબરનો ઉપયોગ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનની જોગવાઈનો પણ ઉલ્લેખ કરાયો હતો. જોકે, પંચાયતી રાજ મંત્રાલયની યોજનાઓ અને વ્યક્તિગત લાભાર્થીઓને સીધી સહાય આપતી અન્ય યોજનાઓ વચ્ચેનો તફાવત પણ ચર્ચાનો વિષય બન્યો છે. PM-કિસાન, ગ્રામીણ આવાસ અને સામાજિક સુરક્ષા પેન્શન જેવી યોજનાઓમાં આધાર આધારિત ઓળખ વ્યવસ્થાનો ઉપયોગ થાય છે. આ સમગ્ર મુદ્દે હવે સરકારની જાહેરાતનો વાસ્તવિક વ્યાપ, EPIC નંબરની જરૂરિયાત અને લાભાર્થીઓના અધિકારો પર તેની સંભવિત અસર અંગે સ્પષ્ટતા થવી જરૂરી બની છે.

રાજાની કુંવરીની ઉંમરની જેમ દિવસ અને રાત મોંઘવારી વધતી હોય

હે રામ : મોંઘવારીનો માર સામાન્ય માણસ કયા સુધી સહન કરી શકશે ?

દેશનાં અંદાજિત ૩૦ કરોડ પરિવારમાંથી ૨૦ કરોડ પરિવારો વધારાનો કોઈ ખર્ચ કરી શકતા ન હોય તેવી હાલત

ટુથપેસ્ટથી લઈને સાબુ, શેમ્પુ, ખાદ્યતેલ, અનાજ, કઠોળ, શાકભાજી, પેટ્રોલ, વીજળી, શિક્ષણ ફી સહિતનાં ભાવમાં સતત વધારો

કરોડો પરિવારો લોન લઈને જીવન નિર્વાહ કરવા મજબુર બની રહ્યા હોય અતિ ગંભીર સ્થિતિ

રાજય અને કેન્દ્ર સરકાર તાયફાઓ કરવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે અને સામાન્ય માનવી પરેશાન









અમરેલી, તા. ૬

ભારતદેશનાંઅંદાજિત ૩૦ કરોડ પરિવારોમાંથી ૨૦ કરોડ પરિવારોનો ગરીબ અને મધ્યમવર્ગમાં સમાવેશથાયછેઅનેઆ પરિવારોછેલ્લા એકદાયકાથીજીવન નિર્વાહ કરવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે અને દિન પ્રતિદિન દેવાનાં બોજ નીચે દબાઈ રહ્યા છે.

આજથી ૧૩ વર્ષ પહેલા "બહુત હુઈ મહેંગાઈ કી માર અબ કરી બાર મોદી સરકાર"નાંનાદ સાથે સત્તારૂઢ થયેલ ભાજપનાં શાસનમાં મોંઘવારી ઘટવાનેબદલેસતતવધીરહીછે. સૌકોઈ માટે સવારની પહેલી જરૂરિયાત ટુથપેસ્ટથી લઈને રાત્રિનાં સુતી વખતે શરૂકરાતીમચ્છરનીઅગરબત્તીસુધીની જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓનાં ભાવમાંછેલ્લા ૧૨ વર્ષમાં ૩૦થીલઈને ૭૦ટકાજેટલો વધારો થયો છે.

અનાજ, કઠોળ, શાકભાજી, ફૂટ, દવાઓ, પેટ્રોલ, વીજળી, શિક્ષણફી સહિત તમામ ચીજવસ્તુઓનાં ભાવ રાજાની કુંવરીની ઉંમરની જેમ દિવસ–રાત વધી રહ્યા છે અને કરોડો પરિવારો સરકાર તરફથી મળતી નાની–મોટી સહાય કે અપુરતા વેતન કે પછી લોન લઈને જીવન નિર્વાહ કરવા મજબુર બની રહ્યા છે.

જો કે દેશનાં ૧૦ કરોડ પરિવારો આર્થિકરીતેસધ્ધરછે. તેઓને મોંઘવારીકેબેરોજગારીનોસામનોકરવો પડતો નથી. તેઓ ટુ–વ્હીલરથી ફોર વ્હીલર, ડ્રાયફ્રુટથી લઈને મોંઘાવભાની મિઠાઈ, કપડા, ફરનીચર, મકાનો કે જવેલરીખરીદીરહ્યા છે. સત્તાપક્ષતરફી મીડિયા અનેઆગેવાનો તેમનાંઆધારે દેશનું અર્થતંત્ર મજબુત હોવાનો દાવો કરીરહ્યા છે. પરંતુ, દેશમાં સુખી

અનુસંધાન પાના ૬ ઉપર

ભેંસાણનાં ચુડા ગામનાં ઈસમનું કારસ્તાન

વડિયાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક સગીરા સાથે અત્યાચાર કરાતા ફરિયાદ

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૬

ભેંસાણ તાલુકાનાં ચુડા ગામે રહેતા આરોપી પોતે જાણતો કે, વડીયા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી ભોગ બનનાર સગીરવયની હોય તેમ છતા પણ આ સગીરાને સને–૨૦૨૪ની સાલમાં લલચાવી ફોસલાવી ભોગબનનારને તેની સાથે પરબધામ ખાતે ફરવા લઈ જઈ અને ત્યાં ભોગબનનારની સાથે કીસ અને અડપલા કરી ભોગ બનનારનાં આરોપીએ ફોટા પાડી લઈ ત્યારબાદ આરોપીએ ભોગબનનારને કહેલ કે તું મને પૈસા આપ નહીંતર હું તારા ફોટા વાઈરલ કરી દઈશ તેવી વાત કરી ભોગબનનારને બ્લેકમેઈલ કરી ગુનાહીત ધમકી આપી ભોગબનનાર પાસેથી સને ૨૦૨૪થી ગત તા. ૨ સુધીમાં અલગ–અલગ સમયે રોકડમાં રૂપિયા ૬૪૦૦ તથા ગુગલ પે મારફતે રૂપિયા ૧૮૦૦ મળી કુલ રૂપિયા

અનુસંધાન પાના ૬ ઉપર



મહેમાનોના સ્વાગત–સત્કાર માટે અમરેલીમાં દિવાળીનાં પર્વે ચવાણું–મીઠાઈ બજારમાં અવનવી વાનગીઓની મહેંક

નવા વર્ષમાં મહેમાનોના સ્વાગત માટે ગૃહિણીઓમાં ઉત્સાહ



અમરેલી, તા. ૬

દિવાળીનાં પર્વનો પ્રારંભ થતાં જ અમરેલી શહેરમાં તહેવારોની રોનક છવાઈ છે. નવા વર્ષનાં આગમનને વધાવવા અને મહેમાનોના સ્વાગત–સત્કાર માટે શહેરનાં દરેક ઘરમાં અત્યારથી જ તૈયારીઓનો અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ત્યારે મહેમાનોની આગતા–સ્વાગતા માટે ફરસાણ અને મીઠાઈની ખરીદીમાં પણ તેજી જોવા મળી રહી છે.

દિવાળીનાં તહેવારો અને નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને અમરેલીનાં ફરસાણ– મીઠાઈનાં વેપારીએ પણ ગ્રાહકોને આકર્ષવા માટે ચેવડા, મીઠાઈ સહિતની અવનવી વેરાયટીઓ તૈયાર કરી બજારમાં મૂકી છે. વિવિધ સ્વાદ અને આકર્ષક સજાવટ સાથેની મીઠાઈઓ તથા ફરસાણની દુકાનોમાં ગ્રાહકોની અવરજવર વધી રહી છે. શહેરનાં શાકમાર્કેટ વિસ્તારમાં આવેલી ક્રિષ્ના ખમણ વાળાની દુકાનમાં પણ ચેવડા અને મીઠાઈની વિવિધ વેરાયટીઓથી આકર્ષક શણગાર કરવામાં આવ્યો છે, જે તહેવારોનાં માહોલને વધુ રંગીન બનાવી રહ્યો છે.



આગ લાગી કે લગાવાઈનાં રહસ્યમય વચ્ચે

જાફરાબાદમાં જુના–નવા બ્રિજને અડીને આવેલ જગ્યામાં લાગી આગ

જવાબદાર વિભાગ તટસ્થ તપાસ કરે તેવી માંગ



જાફરાબાદ, તા. ૬

જાફરાબાદના જુના નવા બ્રિજ ને અડીને આવેલી જગ્યામાં લાગેલી આગ ની ઘટનામ બની છે જાફરાબાદ નો જુનો બ્રિજ તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવેલ છે. પરંતુ જુના અને નવા બ્રિજ ને અડીને આવેલી જગ્યામાં બન્ને સાઈડ માં બાવળો હોય અને આ ખુલ્લી જગ્યામાં બોટ માંથી નિકળતો થર્મો કોલ તેમજ બોટમાં લગાડવામાં આવતો છાદણો જેવો અને વેસ્ટ કચરો આ ખુલ્લી જગ્યામાં ઠલવાય રહ્યો હોય પરંતુ અવારનવાર અહીં આગ લાગવાનું કારણ શું..?? જુના નવા બ્રિજ પાસે પડેલી વેસ્ટ જગ્યામાં અનેક વ્યક્તિઓની નજર હોય તેવું વાહન ચાલકો માંથી ચર્ચાઈ રહ્યું છે.

આ પડેલી વેસ્ટ જગ્યામાં ભરતી કરવામાં આવી રહી હોય પરંતુ મસમોટા બાવળો હોવાથી તેનો નિકાલ કરવા માટે અવારનવાર આગ લગાડવામાં આવી રહી છે. તેવું લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે. આ વેસ્ટ પડેલી જગ્યા માં માર્ગ મકાન વિભાગ (પી. ડબલ્યુ ડી) દ્વારા કોઈ પણ જાતનું દબાણ થાઈ તે પહેલાં જાહેર નોટીસ બોર્ડ માંણી ચેતવણી આપી દેવામાં આવશે..?? અહીં લાગેલી આગ જાફરાબાદ નગરપાલિકા ફાયર બ્રિગેડ તથા સિલટેકસ કંપની ના ફાયર બ્રિગેડ દ્વારા આગને કાબૂમાં લાવવામાં આવીહતી આ પડેલી પડતર જમીન ઉપર ધીમે ધીમે મટીરીયલ ઠાલવવામાં આવી રહી છે.

આ જગ્યામાં કોઈ દબાણ ઉભું થાય તે પહેલા ઘોર નિદ્રામાં સુતેલું તંત્ર જાગ છે. કે પછી હોતા હૈ ચાલતા હે તેવું અપનાવવામાં આવશે..?? આ

અનુસંધાન પાના ૬ ઉપર











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)